RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No.168* Date: 08.04.2023, Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં હવે જાહેર સ્થળોએ માસ્ક પહેરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે

# એપ્રિલમાં દરરોજ ૧ લાખથી વધુ કેસ નોંધાઈ શકે છે

નવીદિલ્હી,તા.૭

દેશમાં ફરી એકવાર કોરોના દર્દીઓની સંખ્યા વધવા લાગી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૬૦૫૦ નવા કેસ નોંધાયા છે, જ્યારે ૧૪ લોકોના મોત થયા છે. એક્ટિવ કેસનો આંકડો પણ વધીને ૨૮ હજાર ૩૦૩ થઈ ગયો છે. આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયા આજે બપોરે ૧૨ વાગ્યે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આરોગ્ય મંત્રીઓ સાથે સમીક્ષા બેઠક કરી હતી માંડવીયાએ કહ્યું હતુ કે દેશમાં કોવિડ ૧૯ની સ્થિતિ પર કહ્યું કે આપણે સતર્ક રહેવાની જરૂર છે, ગભરાવાની જરૂર નથી. હાલમાં, ઓમિક્રોનનો સબ-વેરિયન્ટ દેશમાં ફેલાઈ રહ્યો છે. તેમાં હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડતી નથી. કોરોનાના દૈનિક કેસોમાં વધારો ઝડપી બન્યો છે. હાલમાં પોઝિટિવિટી દર ૩.૩૨% છે. માર્ચના ૩૧ દિવસમાં કોરોનાના ૩૧,૯૦૨ કેસ નોંધાયા છે. તેની સરખામણીમાં એપ્રિલના ૫ દિવસમાં જ ૨૦,૨૭૩ નવા કેસ નોંધાયા છે. આ માર્ચમાં કુલ નવા કેસના ૬૩.૫% છે.

જો સરેરાશ જોઈએ તો માર્ચમાં રોજના સરેરાશ ૧ હજાર નવા કેસ સામે આવ્યા હતા, જ્યારે એપ્રિલમાં રોજના સરેરાશ ૪ હજાર કેસ સામે આવી રહ્યા છે. જો સંક્રમણનો દર આવો જ રહ્યો તો એપ્રિલમાં ૧.૨૦ લાખ નવા કેસ આવવાની સંભાવના છે. જો કે, જે રીતે દરરોજ નવા કેસ વધી રહ્યા છે તે મુજબ એપ્રિલના કુલ કેસ આનાથી વધુ હોઈ શકે છે.

દેશમાં મળી આવેલા ૫,૩૩૫ નવા કેસમાંથી ૩,૭૩૦ માત્ર ૫ રાજ્યોમાં જ જોવા મળ્યા હતા. આમાં કેરળ સૌથી વધુ મળ્યા છે. અહીં લગભગ ૨ હજાર નવા કેસ મળી આવ્યા છે. આ પછી મહારાષ્ટ્રમાં ૫૬૯, દિલ્હીમાં ૫૦૯, હિમાચલ પ્રદેશમાં ૩૮૯ અને ગુજરાતમાં ૩૫૧ કેસ નોંધાયા છે.કેરળ: અહીં ૧,૯૧૨ નવા કેસ મળી આવ્યા છે, ૫૦૦ લોકો સાજા થયા છે અને ૧,૪૦૪ લોકો સારવાર હેઠળ છે. મંગળવારે પણ કેરળમાં ૧,૦૨૫ નવા કેસ નોંધાયા હતા. અગાઉ ૨૨ સપ્ટેમ્બરે ૨૩૦૦ કેસ નોંધાયા હતા.,મહારાષ્ટ્ર: અહીં છેલ્લા દિવસમાં ૫૬૯ નવા કેસ મળી આવ્યા છે, ૪૮૫ લોકો સાજા થયા છે જ્યારે ૨ લોકોના મોત થયા છે. અહીં ૭૧૧ નવા કેસ મળી આવ્યા હતા. અહીં પોઝિટિવિટી દર ૬.૩૨% છે.,દિલ્હી: અહીં ૫૦૯ નવા કેસ નોંધાયા, ૪૨૪ લોકો આ રોગથી સાજા થયા. એક્ટિવ કેસ વધીને ૧,૭૯૫ થઈ ગયા છે. અહીં પોઝિટિવિટી દર ૨૬.૫૪% છે.

હિમાચલ પ્રદેશ: અહીં ૩૮૯ નવા કેસ નોંધાયા છે, જ્યારે ૧૭૭ લોકો સાજા થયા છે. રાજ્યમાં હાલમાં ૨૧૨ એક્ટિવ કેસ છે. અહીં પોઝિટિવિટી દર વધીને ૮.૨૨% થઈ ગયો છે. ગુજરાત: અહીં ૩૫૧ નવા કેસ મળી આવ્યા છે, ૧ વ્યક્તિનું મોત થયું છે અને ૩૯૫ લોકો સાજા થયા છે. મંગળવારે અહીં ૩૨૪ નવા કેસ મળી આવ્યા હતા. અહીં પોઝિટિવિટી દર ૧.૭૬% છે.

છેલ્લા ૨૪ કલાકમાં છત્તીસગઢમાં ૧૦૨ નવા કોરોના દર્દીઓ મળી આવ્યા છે. જે બાદ એક્ટિવ દર્દીઓની સંખ્યા વધીને ૩૨૩ થઈ ગઈ છે. રાયપુરમાં સૌથી વધુ ૮૦ એક્ટિવ કેસ છે. જ્યારે બિલાસપુરમાં ૪૦ અને દુર્ગમાં ૩૮ એક્ટિવ દર્દીઓ છે. રાજ્યમાં પોઝિટિવિટી દર ૬.૧૨ ટકા પર પહોંચી ગયો છે. જ્યારે ૧ એપ્રિલે આ જ દર ૨.૩૭ ટકા હતો. હિમાચલ: એક મૃત્યુ, એક્ટિવ કેસ ૨ હજારની નજીક, હમીરપુર-મંડીમાં સૌથી વધુ એક્ટિવ કેસ,મુખ્યમંત્રીએ કહ્યું- માસ્ક પહેરો હિમાચલ પ્રદેશમાં વધુ એક કોરોના દર્દીનું મોત થયું છે. અને છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૩૬૭ નવા કોરોના દર્દીઓ મળી આવ્યા છે. શિમલામાં કોરોના સંક્રમણને કારણે એક વ્યક્તિનું મોત થયું છે આઈજીએમસી હોસ્પિટલ શિમલાએ કોરોનાના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને તૈયારીઓ શરૂ કરી દીધી છે. હાલમાં ૨૩ બેડની કામચલાઉ હોસ્પિટલ તૈયાર કરવામાં આવી છે.હરિયાણા: ૨૪ કલાકમાં ૩૧૮ નવા કેસ મળ્યા, ૧નું મોત; ૧૧૦૯ સક્રિય દર્દીઓ, પોઝિટિવિટી દર ૭.૩૯% પર પહોંચ્યો હરિયાણામાં ગુરુવારે સતત ત્રીજા દિવસે એક દર્દીનું કોરોનાથી મોત થયું હતું. ૨૪ કલાકમાં ૩૧૮ લોકોમાં કોરોનાની પુષ્ટિ થઈ છે. એક્ટિવ કેસની સંખ્યા પણ સતત વધી રહી છે. રાજ્યમાં તેમની સંખ્યા ૧૧૦૯ નોંધાઈ છે. પોઝિટિવિટી દરમાં પણ રેકોર્ડ વધારો થયો છે. ૫.૭૭% થી વધીને ૭.૩૯% થયો છે. પંજાબ: કોરોના દર્દીઓની સંખ્યા ૪૮૬ પર પહોંચી, ૧૬ જિલ્લામાં ૧૧૧ નવા કેસ, ૧નું મોત; સીએમ માને કહ્યું- સ્થિતિ નિયંત્રણમાં છે.પંજાબમાં કોરોના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. ગત દિવસે પંજાબના માત્ર ૧૨ જિલ્લામાં કોરોનાના દર્દીઓ મળી આવ્યા હતા. પરંતુ આજે વધુ ૪ જિલ્લામાં વધારો થયો છે. હવે ૧૬ જિલ્લામાં કોરોના ફેલાયો છે. આરોગ્ય વિભાગે ૨૭૨૨ સેમ્પલ લીધા હતા, જેમાંથી ૨૧૮૨ સેમ્પલના ટેસ્ટિંગ બાદ ૧૧૧ નવા કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. યુપીમાં કોરોના ફરી જીવલેણ બન્યો છે. લખનઉમાં લગભગ ૭ મહિના પછી બુધવારે એક કોરોના સંક્રમિત



મહિલાનું મોત થયું હતું. ખાનગી હોસ્પિટલના ટેસ્ટ રિપોર્ટમાં મહિલા કોવિડ પોઝિટિવ મળી આવી હતી. મંગળવારે મહિલાને ગંભીર હાલતમાં KGMUમાં દાખલ કરવામાં આવી હતી. તેમની વેન્ટિલેટર પર સારવાર ચાલી રહી હતી. આ દરમિયાન તેનું મોત થયું હતું.દેશમાં કોરોનાના ફરી રેકોર્ડ કેસ સામે આવી રહ્યાં છે. કોરોનાના કેસોમાં વધારો થતા કેન્દ્ર સરકાર પણ એક્શન મોડમાં આવી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ આજે વિવિધ રાજ્યોના આરોગ્ય મંત્રીઓ સાથે સમીક્ષા બેઠક યોજી છે. આ સાથે પુડુચેરી સરકારે પણ મોટી કાર્યવાહી કરી છે.કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં હવે જાહેર સ્થળોએ માસ્ક પહેરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. કોરોનાના વધતા જતા કેસોને કારણે વહીવટીતંત્રે તાત્કાલિક અસરથી આદેશનો અમલ કર્યો છે. જિલ્લા કલેક્ટર ઈ વલ્લવને જણાવ્યું હતું કે કેન્દ્રશાસિત પ્રદેશમાં હાલમાં કોરોનાવાયરસના કેસોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. વહીવટીતંત્રે તાત્કાલિક અસરથી સાવચેતીના પગલાં અમલમાં મુકતા માસ્ક ફરજિયાત કર્યું છે.ઈ વલ્લવને કહ્યું કે જાહેર સ્થળો, બીચ રોડ, પાર્ક અને થિયેટરમાં માસ્ક પહેરવું ફરજિયાત રહેશે. આ સિવાય હોસ્પિટલ, હોટેલ, બાર, રેસ્ટોરાં, દારૂની દુકાનો, હોસ્પિટાલિટી અને મનોરંજન ક્ષેત્રો, સરકારી કચેરીઓ અને વ્યાપારી સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીઓએ પણ ફરજિયાતપણે માસ્ક પહેરવાનું રહેશે.

## સટ્ટાબાજીની ઓનલાઇન ગેમ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવશે:સરકારે નવી એડવાઇઝરી જાહેર કરી

નવીદિલ્હી,તા.૭

ટીમ બનાવો, ઈનામ મેળવો, દાવ લગાવો અને નસીબ બદલો. આવી લલચાવનારી જાહેરાતો દ્વારા સટ્ટો લગાવીને રૂપિયા કમાવવાનું સપનું બતાવતી ઓનલાઈન ગેમ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. કેન્દ્ર સરકારે ગુરુવારે આ અંગે એડવાઈઝરી જાહેર કરી છે. સરકારે કહ્યું હતું કે સેલ્ફ રેગ્યુલેટરી ઓર્ગેનાઈઝેશન દ્વારા ઓનલાઈન ગેમની તપાસ કરવામાં આવશે. નિયમોનું પાલન થાય તો જ ઓનલાઈન ગેમ્સને પબ્લિક પ્લેટફોર્મ પર ચલાવવાની મંજૂરી આપવામાં આવશે. આ સાથે, સૂચના અને પ્રસારણ મંત્રાલયે કહ્યું હતું કે મીડિયા પ્લેટફોર્મ્સે પણ સટ્ટાબાજીની જાહેરાતો ચલાવવાનું ટાળવું જોઈએ. જો એડવાઈઝરી નહીં સ્વીકારાય તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.આઈટી રાજ્યમંત્રી ચંદ્રશેખરે કહ્યું હતું કે સેલ્ફ રેગ્યુલેટરી ઓર્ગેનાઈઝેશન દ્વારા ઓનલાઈન ગેમની તપાસ કરવામાં આવશે. માત્ર એવી ઓનલાઈન ગેમ્સને જ મંજૂરી આપવામાં આવશે, જેમાં સટ્ટાબાજીનું કોઈ કામ ન હોય. મીડિયામાં ચાલતી સટ્ટાબાજીની જાહેરાત અંગે સરકારે કહ્યું હતું કે સટ્ટાબાજી અને જુગાર કાયદા મુજબ ગેરકાયદે છે. એનો પ્રચાર કરવાનું ટાળો. સરકારનું કહેવું છે કે જો કોઈ મીડિયા પ્લેટફોર્મ પ્રત્યક્ષ કે આડકતરી રીતે સટ્ટાબાજીની જાહેરાત કરશે તો તેને કાયદાનું ઉલ્લંઘન ગણવામાં આવશે.

ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) નિયમો ૨૦૨૧ અનુસાર, મંત્રાલયે કહ્યું હતું કે સટ્ટાબાજીના પ્લેટફોર્મની જાહેરાતો એક ગેરકાયદે પ્રવૃત્તિ છે, જે ડિજિટલ મીડિયા પર બતાવી શકાતી નથી.એડવાઈઝરીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે મંત્રાલયના ધ્યાનમાં આવ્યું છે કે પ્રમોશનલ કન્ટેન્ટ અને બેટિંગ પ્લેટફોર્મની જાહેરાતો હજુ પણ કેટલાંક ન્યૂઝ પ્લેટફોર્મ અને ( પ્લેટફોર્મ પર દેખાઈ રહી છે. ઑનલાઈન ઑફશોર સટ્ટાબાજીના પ્લેટફોર્મ્સે જાહેરાત કરવા માટે સરોગેટ પ્રોડક્ટ તરીકે સમાચાર વેબસાઈટ્સનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે.ઓક્ટોબર ૨૦૨૨માં કેન્દ્ર સરકારે ન્યૂઝ વેબસાઈટ્સ,ઓટીટી પ્લેટફોર્મ અને ખાનગી સેટેલાઈટ ચેનલોને સટ્ટાબાજીની વેબસાઈટ્સ અથવા એપ્સના જાહેરાત પ્લેટફોર્મ પર ન ચલાવવાનો નિર્દેશ આપ્યો હતો. એ જ સમયે જૂન ૨૦૨૨માં કેન્દ્રએ બાળકોને લક્ષ્ય બનાવતી ભ્રામક જાહેરાતોને નિયંત્રિત કરવા માટે માર્ગદર્શિકા પણ જાહેર કરી હતી.જાહેરાત કરનારા ફિલ્મ કલાકારોની જવાબદારી ફિક્સ કરવાની વાત હતી. સરોગેટ જાહેરાતો પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જાહેરાત એની સત્યતા સાબિત કર્યા વિના પ્રતિબંધિત કરવામાં આવી હતી. એનો હેતુ ભ્રામક જાહેરાતોને રોકવાનો છે.મંત્રાલયે ઓક્ટોબર ૨૦૨૨માં કહ્યું હતું કે ઘણી ન્યૂઝ વેબસાઈટ માત્ર સટ્ટાબાજીના પ્લેટફોર્મ માલિકો દ્વારા જ ઓપરેટ કરવામાં આવી રહી છે. આ ન્યૂઝ વેબસાઈટ્સના લોગો કંઈક અંશે બેટિંગ પ્લેટફોર્મ જેવા જ દેખાય છે. સટ્ટાબાજીના પ્લેટફોર્મ આ સમાચાર વેબસાઈટ્સનો પ્રોડક્ટ તરીકે ઉપયોગ કરીને પોતાનો પ્રચાર કરી રહ્યા છે.તપાસ કરતાં જાણવા મળ્યું કે આવી સટ્ટાબાજી અને ન્યૂઝ વેબસાઈટ કોઈ કાનૂની સત્તા સાથે રજિસ્ટર્ડ નથી. એ સ્પષ્ટ છે કે સટ્ટાબાજીના પ્લેટફોર્મ ન્યૂઝ વેબસાઈટની આડમાં ગેરકાયદે પ્રચાર કરી રહ્યા છે. સટ્ટાબાજી અને જુગાર ભારતમાં ગેરકાયદે છે. કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ ૨૦૧૯ હેઠળ, જો કોઈ વ્યક્તિ ભ્રામક જાહેરાત બતાવે છે, તો એને ગુનો ગણવામાં આવશે. સટ્ટાબાજીની જાહેરાતો પણ ભ્રામક હોય છે. આ કારણોસર સટ્ટાબાજી અને જુગાર માટેની જાહેરાતો કોઈપણ પ્લેટફોર્મ પર બતાવી શકાતી નથી.

## મોદી ૮ એપ્રિલે હૈદરાબાદની મુલાકાત કરશે

નવીદિલ્હી,તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે એટલે ૮ એપ્રિલે તેલંગાણાની રાજધાની હૈદરાબાદમાં સિકંદરાબાદ-તિરુપતિ વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપવાની સાથે અહીં ૧૧,૩૦૦ કરોડ રૂપિયાથી વધારે પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે શહેરની મુલાકાત દરમિયાન પીએમ મોદી પરેડ ગ્રાઉન્ડ ખાતે એક જાહેરસભામાં પણ હાજરી આપશે. તેઓ અહીં એઈમ્સ બીબીનગર અને પાંચ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે. તેઓ સિકંદરાબાદ રેલવે સ્ટેશનના પુનઃવિકાસ માટે શિલાન્યાસ પણ કરશે અને રેલવે સંબંધિત અન્ય વિકાસ પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે. સિકંદરાબાદ-તિરુપતિ વંદે ભારત એક્સપ્રેસ, જે હૈદરાબાદને ભગવાન વેંકટેશ્વરના નિવાસસ્થાન, તિરુપતિ સાથે જોડે છે, તે ત્રણ મહિનાના ટૂંકા ગાળામાં તેલંગાણાથી શરૂ થનારી બીજી વંદે ભારત ટ્રેન છે. આ ટ્રેન બંને શહેર વચ્ચેનો મુસાફરીનો સમય લગભગ સાડાત્રણ કલાક ઘટાડશે અને ખાસ કરીને યાત્રાળુઓ માટે ફાયદાકારક રહેશે.સિકંદરાબાદ રેલવે સ્ટેશનના રૂ. ૭૨૦ કરોડના પુનઃવિકાસનું આયોજન એવી રીતે કરવામાં આવી રહ્યું છે કે એ વિશ્વકક્ષાની સુવિધાઓ અને સૌંદર્યપૂર્ણ ડિઝાઇન કરાયેલા આઇકોનિક સ્ટેશન બિલ્ડિંગ સાથે વિશાળ નવનિર્માણમાંથી પસાર થશે. પુનઃવિકાસિત સ્ટેશનમાં એક જ જગ્યાએ તમામ પેસેન્જર સુવિધાઓ સાથે ડબલ-લેવલની જગ્યા ધરાવતી રૂફ પ્લાઝા હશે તેમજ મલ્ટી-મોડલ કનેક્ટિવિટી હશે, જેથી મુસાફરોને રેલવેથી અન્ય મોડમાં સિમલેસ ટ્રાન્સફર પ્રદાન કરી શકાય. રેલવેની પ્રેસ રિલીઝ પ્રમાણે, મુલાકાત દરમિયાન પીએમ મોદી હૈદરાબાદ-સિકંદરાબાદ ટ્વિન સિટી રીજનના ઉપનગરીય વિભાગમાં ૧૩ નવી મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ સર્વિસ સેવાઓને ફ્લેગ ઓફ કરશે, જે લોકોને ઝડપી, અનુકૂળ અને આરામદાયક મુસાફરી વિકલ્પો પ્રદાન કરશે.વડાપ્રધાન સિકંદરાબાદ-મહબૂબનગર પ્રોજેક્ટના ડબલિંગ અને ઈલેક્ટ્રિફિકેશનને પણ રાષ્ટ્રને સમર્પિત કરશે. ૮૫ કિમીથી વધુના અંતરમાં ફેલાયેલા આ પ્રોજેક્ટ અંદાજે રૂ. ૧૪૧૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ સિમલેસ કનેક્ટિવિટી પ્રદાન કરશે અને ટ્રેનોની સરેરાશ ઝડપ વધારવામાં મદદ કરશે.

## જમ્મૂ-કાશ્મીરમાં ૨ દાણચોરોની ધરપકડ:૭૦ કરોડનું હેરોઈન અને ૧૧.૮૨ લાખ રોકડા મળી આવ્યા, આ કન્સાઈન્મેન્ટ પાકિસ્તાનમાંથી આવ્યું હતું

શ્રીનગર,તા.૭

સીમા પારથી ડ્રગ્સની હેરાફેરી કરનાર બે તસ્કરોની પોલીસે ધરપકડ કરી છે. આ તસ્કરો પાસેથી ૭૦ કરોડ રૂપિયાની કિંમતનું ૧૧ કિલો હેરોઈન અને રૂ. ૧૧.૮૨ લાખ રોકડા મળી આવ્યા હતા. બંનેની જ્યારે પૂછપરછ કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે આ કન્સાઈન્મેન્ટ પાકિસ્તાનમાંથી મોકલવામાં આવ્યું હતું.આ ગેંગના અન્ય સભ્યો વિશે પણ બંનેની પૂછપરછ કરવામાં આવી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે બંને તસ્કરો શ્રીનગરમાં ભાડાના મકાનમાં રહે છે. ચોક્કસ બાતમીના આધારે શ્રીનગર પોલીસે રાજબાગમાં ગુલામ મોહમ્મદ ડારના ઘરે દરોડા પાડ્યા હતા.તપાસ દરમિયાન ૧૧.૦૮૯ કિલો હેરોઈન અને ૧૧૮૨૫૦૦ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. કુપવાડા જિલ્લાના કરનાહ વિસ્તારના નચ્યાન ગામના સજ્જાદ અહમદ બદાના અને અમરોઈના ઝહીર અહમદ નામના બે તસ્કરોની ધરપકડ કરવામાં આવી હતી.પોલીસના જણાવ્યા અનુસાર આ રકમ હેરોઈનના વેચાણથી એકઠી કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે બંનેએ પૂછપરછ દરમિયાન કબૂલાત કરી છે કે તેઓ લાંબા સમયથી આ વ્યવસાયમાં છે. જોકે, સરહદ પારથી સતત નાર્કો ટેરિરિઝમને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ભૂતકાળમાં કુપવાડા, બાંદીપોરા અને બારામુલ્લામાં એલઓસીથી ડ્રગની દાણચોરીના અનેક કેસ મળી આવ્યા છે.

ડ્રગ્સનો જથ્થો પાકિસ્તાનથી આવ્યો છે. રાજબાગ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. નશીલા પદાર્થોની હેરાફેરી કરનારાઓ સામે આગળની કાર્યવાહી ચાલુ રહેશે.

## પીએમ મોદી ઓછું ભણેલા છે:નાની એવી કંપનીમાં પણ લોકો ભણેલ-ગણેલ મેનેજર શોધે છે, શું દેશના સૌથી મોટા મેનેજરે શિક્ષિત ન હોવું જોઈએ

નવી દિલ્હી,તા.૭

દિલ્હી લિકર પોલિસી કેસના આરોપી ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ તિહાર જેલમાંથી દેશને પત્ર લખ્યો છે. જેમાં તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શિક્ષણ સામે સવાલ ઉઠાવ્યા છે. તેમણે લખ્યું કે મોદી ગર્વથી કહે છે કે તેઓ ગામડાની શાળા સુધી જ ભણ્યા છે. લોકો કંપનીમાં મેનેજર રાખવા માટે શિક્ષિત વ્યક્તિ શોધે છે.

મનીષ સિસોદિયા દારૂ નીતિ કેસમાં સીબીઆઈ અને ઈડીના કેસમાં આરોપી છે. તેઓ હાલમાં તિહાડ જેલમાં બંધ છે. તેમણે રાઉઝ એવન્યુ કોર્ટ અને દિલ્હી હાઈકોર્ટમાં જામીન માટે અપીલ કરી છે. મની લોન્ડરિંગ કેસમાં જામીનની સુનાવણી ૧૨ એપ્રિલે થશે. કોર્ટે તેની જ્યુડિશિયલ કસ્ટડી ૧૭ એપ્રિલ સુધી લંબાવી છે.

આજે આપણે ૨૧મી સદીમાં જીવી રહ્યા છીએ. સમગ્ર વિશ્વમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં દરરોજ નવી પ્રગતિ થઈ રહી છે. આખી દુનિયા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિશે વાત કરી રહી છે.આવી સ્થિતિમાં, જ્યારે હું વડા પ્રધાનને કહેતા સાંભળું છું કે ગંદા નાળામાં ગેસની પાઈપમાંથી ચા અથવા ખોરાક બનાવી શકાય છે ત્યારે મારું હૃદય દુઃખી થઈ જાય છે. શું આપણે ગટરના ગંદા ગેસથી રસોઈ કરી શકીએ? ના!જ્યારે વડાપ્રધાન કહે છે કે વાદળો પાછળ ઉડતા પ્લેનને રડાર પકડી શકતું નથી, ત્યારે તેઓ આખી દુનિયામાં હાસ્યને પાત્ર બની જાય છે. શાળા-કોલેજોમાં ભણતા બાળકો તેમની મજાક ઉડાવે છે. તેમના આવા નિવેદનો દેશ માટે અત્યંત જોખમી છે. તેના ઘણા ગેરફાયદા છે- જેમ કે સમગ્ર વિશ્વને ખબર પડે છે કે ભારતના વડાપ્રધાન કેટલું ઓછું ભણેલા છે અને તેમની પાસે વિજ્ઞાનનું પ્રાથમિક જ્ઞાન પણ નથી.જ્યારે અન્ય દેશોના વડાઓ વડાપ્રધાનજીને ગળે લગાવે છે, ત્યારે તેઓ એક-એક ક્ષણ માટે મોટી કિંમત લઈને જતા રહે છે. બદલામાં ન જાણે કેટલા કાગળો પર તેઓ સહી કરાવી લે છે, કારણ કે વડાપ્રધાન સમજી શકતા નથી, કારણ કે તેઓ ઓછુ ભણેલા છે.આજે દેશનો યુવા વર્ગ મહત્વાકાંક્ષી છે. તેઓ કંઈક કરવા માંગે છે. તે તકની શોધમાં છે. તે વિશ્વને જીતવા માંગે છે. તે વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં કમાલ કરવા માંગે છે. શું એક ઓછું ભણેલા વડાપ્રધાનમાં આજના યુવાનોના સપના પૂરા કરવાની ક્ષમતા છે? હાલના વર્ષોમાં દેશમાં ૬૦ હજાર સરકારી શાળાઓ બંધ કરવામાં આવી છે. શા માટે? એક તરફ દેશની વસ્તી વધી રહી છે તો શું સરકારી શાળાઓની સંખ્યા વધવી જોઈએ નહીં?

## તંત્રી સ્થાનેથી...

# વિપક્ષોને આંચકો

*સીબીઆઈ અને ઈડીના દુરુપયોગનાં રોદણાં લઈને સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયેલા કોંગ્રેસ સહિત ૧૪ વિપક્ષોએ જે રીતે ત્યાંથી ખાલી હાથે પાછું ફરવું પડ્યું, તેના માટે તેઓ પોતે જ જવાબદાર કહી શકાય. તેમણે તો એવી કોઈ અરજી જ દાખલ નહોતી કરવી જોઈતી, જેનાથી એવું પ્રતીત થાય કે વિપક્ષી દળો પોતાના માટે અલગ નિયમ-કાયદા અથવા કેન્દ્રીય તપાસ એજન્સીઓના તપાસ દાયરાથી મુક્તિ ઈચ્છે છે. સમજવું મુશ્કેલ છે કે વિપક્ષો પોતાની આ અરજી દ્વારા કહેવા શું માંગતા હતા? શું તેઓ એમ ઈચ્છતા હતા કે સીબીઆઈ અને ઈડી જેવી એજન્સીઓને એ નિર્દેશ આપી દેવામાં આવે કે તેઓ વિપક્ષી દળોના નેતાઓ વિરુદ્ધ કશી તપાસ જ ન કરે, ભલે તેમના પર કૌભાંડો-ગરબડોમાં સામલે હોવાના આરોપ હોય? શું તેઓ એમ ઈચ્છતા હતા કે ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહેલા નેતાઓની એટલા માટે ધરપકડ ન કરવી જોઈએ, કારણ કે તેઓ વિપક્ષી દળોના નેતા છે? સૌથી વિચિત્ર વાત તો એ છે કે વિપક્ષો પોતાના દ્વારા બનાવાઈ રહેલા કેન્દ્રીય એજન્સીઓના દુરુપયોગના માહોલમાં સુપ્રીમ કોર્ટની ભાગીદારી ઈચ્છતા હતા! એ સારું થયું કે વિપક્ષી દળોના ઈરાદાની પોલ ખૂલી ગઈ અને તેમની સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ ઝાટકણી કાઢી કે તેમના માટે અલગ દિશાનિર્દેશ ન બનાવી શકાય.*

*વિપક્ષી દળોના નેતાઓ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા અલગ દિશાનિર્દેશ જારી થવાનો મતલબ થાત, અલગ-અલગ લોકો માટે અલગ-અલગ વિધાન. આ કાયદાના શાસન અને સાથે જ લોકતંત્રની મૂળ ભાવનાથી વિપરીત હોત. આખરે વિપક્ષોએ એવું કઈ રીતે માની લીધું કે તેમના માટે અલગ વ્યવસ્થા બની શકે છે? સુપ્રીમ કોર્ટથી વિલા મોંએ પાછા ફરેલા વિપક્ષી દળો ભલે ગમે તે દાવો કરે, તેઓ એનો ઈનકાર ન કરી શકે કે રાજકીય ભ્રષ્ટાચાર એક સચ્ચાઈ છે. આ જ કારણે ગત દિવસોમાં વડાપ્રધાને સીબીઆઈને એમ કહ્યું હતું કે ભ્રષ્ટાચારીઓને છોડવામાં ન આવે, ભલે તે ગમે તેટલા તાકાતવર કેમ ન હોય. વિપક્ષી દળો એની અવગણના ન કરી શકે કે ભ્રષ્ટાચારના કેટલાક કેસોમાં નેતાઓને સજા પણ થઈ છે અને કેટલાય નેતાઓને જામીન પણ નથી મળી રહ્યા. મુશ્કેલી એ છે કે વિપક્ષી દળો એવા જ કેટલાક દાગી નેતાઓનો ઉલ્લેખ કરીને એ સાબિત કરવાની હાસ્યાસ્પદ કોશિશ કરી રહ્યા હતા કે કેન્દ્રીય એજન્સીઓનો દુરુપયોગ કરાઈ રહ્યો છે. જો એમ માની પણ લઈએ કે આરોપોમાં થોડી પણ સચ્ચાઈ છે, તો આખરે ભ્રષ્ટાચારના આરોપોથી ઘેરાયેલા નેતાઓને જેલમાં કેમ ધકેલી દેવાયા છે? શું વિપક્ષી દળોને અદાલતોના ચુકાદા પર પણ ભરસો નથી? ૧૪ વિપક્ષી દળો ભલે જે કારણોસર કોંગ્રેસના નેતૃત્વમાં એક છત તળે આવ્યા હોય, પરંતુ એમાં મોટાભાગના એવા પક્ષો છે, જેમના નેતા ભ્રષ્ટાચારને કારણે સીબીઆઈ અને ઈડીની તપાસનો સામનો કરી રહ્યા છે.*

## કર્ણાટકમાં ચૂંટણી પહેલા મફતમાં વહેંચવા માટે ૭૦ કરોડ લાવવામાં આવ્યા હતા

બેંગ્લુરૂ,તા.૭

કર્ણાટકમાં વિધાનસભા ચૂંટણી માટે તમામ પક્ષો પ્રચારમાં લાગી ગયા છે. ચૂંટણીની તારીખો જાહેર થયા બાદ રાજ્યમાં મફતનો તબક્કો શરૂ થઈ ગયો છે. બીજી તરફ રાજ્યના નિપ્પાની, ભદ્રાવતી, ગદગ અને નરગુંડ વિસ્તારોમાંથી ૪.૪૫ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરવામાં આવી છે. ચૂંટણી પંચ એ કહ્યું કે ૨૯ માર્ચ, ૨૦૨૩ના રોજ આદર્શ આચાર સંહિતા લાગુ થઈ ત્યારથી, તેણે કર્ણાટક રાજ્યમાં ઓછામાં ઓછા ૬૯.૩૬ કરોડ રૂપિયાની રોકડ, દારૂ અને અન્ય સામગ્રી જપ્ત કરી છે.

કર્ણાટકના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે જપ્ત કરાયેલી રકમમાં રોકડ (રૂ. ૨૨.૭૫ કરોડ), દારૂ (રૂ. ૨૪.૪૫ કરોડ) અને મફત (રૂ. ૧૨ કરોડ)નો સમાવેશ થાય છે. જપ્ત કરાયેલ સામગ્રીમાં રોકડ, દારૂ, સામગ્રી, ડ્રગ્સ અને કુલ ૬૯ કરોડ ૩૬ લાખ ૧૭ હજાર ૪૬૭ રૂપિયાનો સમાવેશ થાય છે. જપ્તીના સંબંધમાં અત્યાર સુધીમાં કુલ ૫૨૬ એફઆઈઆર નોંધવામાં આવી છે.ચૂંટણી પંચે એક નોંધમાં જણાવ્યું હતું કે સ્ટેટિક સર્વેલન્સ ટીમે ધારવાડ મતવિસ્તારમાંથી આશરે રૂ. ૪૫ લાખની કિંમતનું ૭૨૫ ગ્રામ સોનું જપ્ત કર્યું હતું, જ્યારે ફ્લાઈંગ સ્કવોડની ટીમે બેંગલુરુ શહેરના એક મતવિસ્તારમાંથી રૂ. ૩૪ લાખથી વધુની કિંમતની મફત વસ્તુઓ જપ્ત કરી હતી. બીજી તરફ, ૬ એપ્રિલે જ બેલગાવીના ખાનપુર તાલુકા વિસ્તારમાંથી ૪.૬૧ કરોડ રૂપિયા રોકડા અને ૩૯૫ ગ્રામ સોનું (૨૧.૨૫ કરોડ) મળી આવ્યું છે.કર્ણાટકના કોડાગુ જિલ્લાના એક અધિકારીએ કુશલનગરમાંથી લગભગ ૩.૬ લાખ રૂપિયાની રોકડ જપ્ત કરી હતી. એક સમાચાર અનુસાર, આ રોકડ કોપ્પાથી એક વાહનમાં કુશલનગર તરફ લઈ જવામાં આવી રહી હતી, જ્યારે પોલીસે તેને શંકાના આધારે જપ્ત કરી હતી. બીજી બાજુ, બેંગલુરુમાં તે જ દિવસે, પોલીસે ભાડે લીધેલી ટ્રકમાંથી ૭ લાખ રૂપિયાની મફત વસ્તુઓ અને ભેટો જપ્ત કરી હતી. જણાવવામાં આવી રહ્યું છે કે ફ્રી વસ્તુઓમાં મોંઘી ઘડિયાળ, વોલ ક્લોક, ટેબલ ક્લોક, વોલેટ અને હેન્ડબેગ જેવી ઘણી વસ્તુઓ સામેલ હતી.

જોઈએ છે જામ જેવું!!!
રંભા ચરણ સેવા કરે ને ઊર્વશી ચામર ઢોળે
મેનકા બાકીની બધી નાની મોટી સેવા કરે અહીં,
જોઈએ છે જામ જેવું મળતું નથી હજામ જેવું.
અંબાણી શોફર બને ને અદાણી ડીકટેશન લે,
ટાટા, બિરલા,નારણમૂર્તિ મારે ત્યાં કારકુની કરે,
જોઈએ છે જામ જેવું મળતું નથી હજામ જેવું.
ક્રુઝની લોન એસબીઆઈ, એરફોર્સ વનની યુકો,
રાફેલ,તોપ,પ્રકીર્ણ માટે બેંક ઓફ બરોડા ફંડ આપે,
જોઈએ છે જામ જેવું મળતું નથી હજામ જેવું.
અમિતાભ કેમીયો કરે ને શાહરુખ બંને મોગેમ્બો,
બંદા ભજવે લીડ રોલ ને સ્પીલબર્ગ બને ડીરેકટર,
જોઈએ છે જામ જેવું મળતું નથી હજામ જેવું.
ગણપતિની વરદાન આપે ને મહાદેવ આપે વૈભવ,
રામ ભગવાન ને શામળિયો પૂરા કરે મનના મનોરથ
જોઈએ છે જામ જેવું ને મળશે લાયકાત જેવું.
ભરત વૈષ્ણવ
૭.૪.૨૦૨૩.# કાવ્ય( કાવ્યનો નિર્દોષ આનંદ ઉઠાવો. પ્રચલિત કહેવત કોઈના બદનામ કરવા લખી નથી.)

# આખી જીંદગી યુનીવર્સિટી, વિદ્યાર્થીની ગાડી આડી ઉતારી હોય તેની ગાડી ખાડામાં પડે તેમાં શું નવાઇ છે??

" ગિરધરભાઇ.એક કાર વીસ ફૂટ ખાડામાં પડી." રાજુએ ઈન્સ્ટન્ટ મેગીની જેમ બ્રેકિંગ જ્ઞાન પીરસ્યું . ન્યુઝ ચેનલ પર રેગ્યુલર ન્યુઝ કરતા બ્રેકિંગ ન્યુઝ ફ્લેશ થાય છે.

વર્તમાનપત્રોના સુવર્ણ યુગમાં કદી મદી અતિ અગત્યના સમાચાર હોય તો " ચાલતા યંત્રે" એવા હેડીંગ સાથે સમાચાર પ્રગટ થતા હતા. અપિતું,ન્યુઝ ચેનલની જેમ દરેક પાને ચાલતા યંત્રે હેડીંગ હેઠળ હાસ્યાસ્પદ સમાચારની ભરમાર રહેતી ન હતી. ડીડી સ્પોર્ટસ ચેનલ પર ૨૦૦૫ માં બ્રેકિંગ ન્યુઝ તરીકે સ્ક્રોલિંગ ન્યુઝ પ્રસારિત થયેલ કે જેમાં ૨૦૧૧ માં દિલ્હીમાં એક સ્ટેડિયમનું નિર્માણ થશે!! બોલો બ્રેકિંગ ન્યુઝ માત કી જય.

" રાજુ. આ સમાચાર ન કહેવાય." અમે પણ પ્રતિભાન પીરસ્યું.

" કેમ?" રાજુ ચોંક્યો

" ન્યુઝ વર્લ્ડની ટર્મિનોલોજી-જાર્ગન મુજબ કૂતરું માણસને કરડે એ સમાચાર નથી . પણ માણસ કૂતરાંને કરડે એ સમાચાર છે. નો ન્યુઝ ઈઝ બેસ્ટ ન્યુઝ કહેવાય છે. વેદમાં રહેવાયું કે તમામ દિશામાંથી શુભ સમાચાર પ્રાપ્ત થાવ. જો કે સમાચારને નેગેટિવ-પોઝિટિવ સાથે ન્હાવા નિચોવવાનો સંબંધ નથી!! મેં રાજુને સમાચારની સંકલ્પના શેર કરી.

" મતલબ કે ખાડો ગાડી પાસે જઇને ગાડીને પ્રેયસીને આગોશમાં લે તેમ નિજમાં સમાવી કે તે સમાચાર કહેવાય!!" રાજુએ પહેલીવાર મુદો સમજી કથન કર્યું!!

" રાજુ ખાડાને કેટલી ઈજા થઈ??" અમે પૂછયું.

" ખાડો સલામત છે., પગે થોડી મોચ આવી છે??"રાજુએ હેલ્થ બુલેટિન બહાર પાડ્યું.

" ખાડાને મહાનગરપાલિકામાં ખાડા ડોકટરને બતાવ્યું કે નહીં?? અમે ટીખળ કરી.

" એ તો ખબર નથી . પણ પેલા કાર સવારને વીસ ફૂટનો ખાડો દેખાયો નહીં?? " રાજુએ શંકા વ્યક્ત કરી.

" કાર ચાલક સંભવતઃ બાપુ હોય. બાપુઓ કહે છે કે અમે એવા કામ કર્યા છે કે નીચે જોઇને ચાલીએ!!" અમે પ્રચલિત ઉક્તિ કહી." મહાનગરપાલિકા પુરાતત્વખાતાથી કમ નથી. વિકાસના રૂપાળા નામ હેઠળ કાયમી, હંગામી, અસ્થાયી, સ્થાયી જંગમ, ગંજાવર ખાડાઓ ખોદી નાંખે છે. જેથી શહેરમાં રસ્તાનું નેટવર્ક હતું કે કેમ તે નક્કી કરવા પોતાનું, મેયરનું કે કમિશનરનું માથું ખંજવાળવું પડે. ખાડાયુકત રસ્તા પરથી પસાર થતા એટલી ધૂળ ઉડે કે આપણે અરબસ્તાનમાં હોઈએ તેવી વસુધૈવ કુંટુંબકમનનું જી-૨૦ ઈમોશન ફિલ થાય. આપણા હાથપગ ભાંગે કે ગાવું પડે ખાડા બનાવેવાલે કાહે કો ખાડા બનાયે" !! કે ગાવું પડે કે યહ ખાડે ભી લે લો, યહ ગાયે ભી લે લો, સહ બમ્પ ભી લે લો, મજે લૌંટા દો વહી કચ્ચી સડકે, નહી ચાહિયે વિકાસ કે તડકે!! આપણી દશા આ ગીત જેવી છે. ઈસ શહેરમે હર શખ્સ પરેશાન સા કયું હે? સીનેમેં જલન , આંખોમેં તુફાન સા કયું હે?? આપણી અમદાવાદી આદિલ મનસુરીએ એક ગઝલમાં ભરી લો શ્વાસમાં એની સુંગંધનો દરિયો, નદીની રેતમાં રમતું શહેર મળે ના મળે એમ કહેલું . આજે ખાડા જોઈને દ્રવી જઈને કહે કે ભરી લો એની ધૂળનો દરિયો, ખાડાની સોડમાં? રમતું નગર નળે ન મળે!!" લો રાજુ રદી તો શાયર બની ગયો. વિકાસ લાયર બની ગયો!!

" રાજુ . અમિતાભ મને સપનામાં આવીને કહેતો હતો કે ખાડે નહીં દેખે તો કુછ નહીં દેખા, કુછ તો ગહરે ગડે દેખીયે ગુજરાત મે. ૨૦૨૩ નું વરસ તો મિલેટ યર તરીકે ઉજવાય છે, પણ ૨૦૨૫નું વરસ ખાડા વરસ( અલ્યા ભાઇ લોકસભાની ૨૯૨૪ ની ચૂંટણીને આમાં કયાં ઘસીટો છો?? જયાં ને ત્યાં પોલિટિકસ. કંઈક શરમ કરો. થોડી શરમ ભરો, નાલાયક દેશદ્રોહીઓ !!" અમે ભયેકર અકળાયા!!" ગિરધરભાઇ. જેમ મરઘી પહેલાં કે પહેલાં ઈંડું?? એમ જ પહેલાં ખાડા કે પછી ખાડા ? એવો સવાલ થાય. એસ સોરઠી દુહો છે કે શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત, ચોમાસે વાગડ ભલો ,પણ કચછડો બારેમાસ!!આવું જ ખાડાનું છે! હમણા એક ભાઈની કાર ખાડામાં પડી"રાજુએ રહ્યું.

" રાજુ .આ વાત તું એક વાર કહી ચૂક્યો છે. તું આગળ બોલ. " મેં રાજુને ટપાર્યો!

" ગિરધરભાઇ. બેરીકેડિંગના નામે પ્લાસ્ટિકની પીળી પટી લગાવે. ખેડૂતોના આંદોલન સમયે હાઇ વે ખોદીને સિમેન્ટ કોંક્રિટના સળિયાવાળું બેરીકેડિંગ કરેલું તેવું બેરીકેડિંગ કરેલ હોય તો કાર ખાડામાં ન પડી હોત!" રાજુએ કહ્યું !!

એમ કહે છે કે જેમની કાર ખાડામાં પડેલી તે કોઇ યુનિવર્સિટીના નિવૃત વાઇસ ચાન્સેલર હતા. જેમણે આખી જીંદગી યુનીવર્સિટી, વિદ્યાર્થીની ગાડી આડી ઉતારી હોય તેની ગાડી ખાડામાં પડે તેમાં શું નવાઇ છે?? ઈટ ઇઝ પોએટિક જસ્ટિસ કહેવાય . વ્હોટ ડુ યુ સે???

ભરત વૈંષ્ણવ
૭.૪.૨૦૨૩.

### થાયલેંડ ખાતે અંતરરાષ્ટ્રીય પરિષદમાં

# 'સર્વોચ્ચ અને ચિરંતન આનંદ પ્રાપ્ત કરવો' આ વિષય પર શોધનિબંધ પ્રસ્તુત !

### શાશ્વત આનંદપ્રાપ્તિ માટે આધ્યાત્મિક સ્તર પર પ્રયત્ન કરવા આવશ્યક !

આપણા બધા દુઃખો દૂર થાય અને કાયમસ્વરૂપે આનંદ અનુભવી શકીએ, તે માટે આપણી કડાકૂટ ચાલુ હોય છે; પણ 'આનંદ કેવી રીતે મેળવવો અને નિરંતર આનંદી કેવી રીતે રહેવું' આ વિષય કોઈપણ શાળા-મહાવિદ્યાલયમાં શીખવવામાં આવતો નથી. ઈશ્વરનો નામજપ કરવા જેવી નિયમિત આધ્યાત્મિક સાધના અને સ્વભાવદોષ તેમજ અહં નિર્મૂલન માટે નિરંતર પ્રયત્ન કરવાથી આપણી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સમસ્યાઓ દૂર થઈને આપણને શાશ્વત સુખની અર્થાત્ આનંદની પ્રાપ્તિ થાય છે, એવું 'મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલય'ના શ્રી. શૉન ક્લાર્કે કહ્યું. તેઓ બેંકોક, થાયલેંડ ખાતે 'ટૂમોરો પિપલ ઓર્ગનાઇઝેશન'એ આયોજિત કરેલા 'સુખ અને સમૃદ્ધિ' આ વિષય પરના પ્રથમ અંતરરાષ્ટ્રીય પરિષદમાં (આય.સી.એચ.ડબ્લ્યૂ. ૨૦૨૩) બોલી રહ્યા હતા. શ્રી. ક્લાર્કે 'મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલય' વતી 'માનસિક-આધ્યાત્મિક તંત્રો



દ્વારા ચિરંતન આનંદ પ્રાપ્ત કરવો' આ વિષય પરનો શોધનિબંધ આ શૈક્ષણિક પરિષદમાં પ્રસ્તુત કર્યો. 'મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલય'ના સંસ્થાપક સચ્ચિદાનંદ પરબ્રહ્મ ડૉ. જયંત આઠવલે આ શોધનિબંધના લેખક છે, જ્યારે શ્રી. શૉન ક્લાર્ક સહલેખક છે.

આ સમયે શ્રી. ક્લાર્કે કહ્યું કે, મોટાભાગના લોકોના જીવનમાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક આ રીતે ત્રણ પ્રકારની સમસ્?યાઓ ઓછાવત્તા પ્રમાણમાં હોય છે. તેમાંની ૫૦ ટકા કરતાં વધુ સમસ્?યાઓ કેવળ આધ્યાત્મિક કારણોને લીધે નિર્માણ થાય છે. ક્યારેક આ આધ્યાત્મિક સમસ્?યાઓનું પરિણામ શારીરિક અથવા માનસિક ત્રાસના સ્?વરૂપમાં પણ પ્રગટ થાય છે. તેમજ પ્રારબ્?ધ (નસીબ), અતૃપ્?ત પૂર્વજોને કારણે થનારા ત્રાસ અને સૂક્ષ્મ-જગત્ની નકારાત્મક ઊર્જા આ ત્રણ સમસ્યાઓનાં કારણો પણ કેવળ આધ્યાત્મિક હોય છે. આ બધા પર આધ્યાત્મિક સાધના કરવી એ જ ઉત્તમ ઉપાય છે. તેને કારણે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સમસ્યાઓનું પણ નિવારણ થાય છે. આ જાણકારી પરાત્પર ગુરુ ડૉ. જયંત આઠવલેજીએ માનવી જીવનનો સ્?તર સુધારવા માટે કરેલા ૪૦ વર્ષોના આધ્?યાત્?મિક સંશોધન પર આધારિત છે.

આ વિશે જાણકારી આપતી વેળાએ શ્રી. ક્લાર્કે ઉમેર્યું કે, શાશ્વત આનંદપ્રાપ્તિ માટે આપણે શ્રદ્ધાપૂર્વક ત્રણ સ્?તર પરના ઉપાયનો આધાર લઈ શકીએ. પ્રથમ, ઈશ્વરનો નામજપ કરવો. નામજપને કારણે નિર્માણ થયેલા સૂક્ષ્મ સકારાત્મક પરિણામો વિશે 'જીડીવી બાયોવેલ' નામના વૈજ્ઞાનિક ઉપકરણનો ઉપયોગ કરીને પ્રયોગ કરવામાં આવ્?યા. આ પ્રયોગમાં ' 'ૐ नमो भगवते ' આ નામજપ કેવળ ૪૦ મિ. કર્યા પછી કુંડલિની ચક્રો એક રેખામાં આવીને પ્રચંડ સકારાત્મક ઊર્જા પોતાના ભણી આકર્ષિત થઈ હોવાનું દેખાઈ આવ્યું. બીજું, એટલે પરાત્પર ગુરુ ડૉ. આઠવલેજીએ સિદ્ધ કરેલી સ્વભાવદોષ નિર્મૂલન પ્રક્રિયા હાથ ધરવાથી વ્યક્તિના મનમાંના નકારાત્મક વિચાર દૂર થાય છે.

ત્રીજું, પ્રતિદિન ગાંગડા મીઠાંના પાણીમાં ૧૫ મિ. પગ બોળીને બેસવાના ઉપાય કરવાથી શરીરમાંની નકારાત્મક ઊર્જા બહાર કાઢવામાં સહાયતા થાય છે. પ્રત્યેક જણ જો અધ્યાત્મશાસ્ત્ર અનુસાર આ સાધના કરે, તો સમય જતાં વ્યક્તિ પરમાનંદની અથવા પોતાનામાંના દૈવી તત્ત્વની અનુભૂતિ લઈ શકે છે.

આપનો નમ્ર,
શ્રી. આશિષ સાવંત,
સંશોધન વિભાગ, મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલય,

### વિપક્ષ દેશને વેચવા માંગે છે

## હિન્દુત્વને ભગવાન માનો; ભારતમાં રહેવું હોય તો તમારે જય શ્રી રામ- વંદે માતરમ્ બોલવું પડશે : રામભદ્રાચાર્ય



આગ્રા.તા.૭

તુલસી પીઠાધિશ્વર સ્વામી રામભદ્રાચાર્ય મહારાજે આગ્રામાં કહ્યું હતું કે, ×હિંદુત્વ દેવો ભવ અને રાષ્ટ્ર દેવો ભવ. હિંદુત્વને ભગવાન માનો, ભારતને એક રાષ્ટ્ર માનો. કારણ કે વિપક્ષ આ દેશને વેચવા માંગે છે. પરંતુ અમે એવું થવા દઈશું નહીં. જેમને આ ભારતમાં રહેવું હશે, તેમણે હવે જય શ્રી રામ બોલવું પડશે. હવે વંદે માતરમ નહીં કહેવું, એવું કોઈ કહી શકશે નહીં. જો તમારે ભારતમાં રહેવું હોય તો તમારે વંદે માતરમ બોલવું પડશે. જણાવી દઈએ કે સ્વામી રામભદ્રાચાર્ય મહારાજ આગ્રાના ચિત્રકૂટ ધામમાં બનેલ કોઠી મીના બજારમાં શ્રી રામ કથાના ચોથા દિવસે બોલી રહ્યા હતા.

સ્વામી રામભદ્રાચાર્યએ કહ્યું કે કાશ્મીર આપણું છે, આપણું જ રહેશે. કલમ ૩૭૦ હટાવી દીધી. ૩૫૦ નાબૂદ કરી.તેમણે કહ્યું કે હિંદુ ધર્મમાં મહિલાઓનું જેટલું સન્માન થાય છે. એવું ક્યાંય થતું નથી. દરેક મહિલાથી ૨૫-૨૫ બાળકો પેદા કરીને તેનું શોષણ કરાય છે. ત્રણ વખત તલાક-તલાક કહીને કાઢી મુકતા હતા. તે ટ્રિપલ તલાક નાબૂદ કર્યો. હજુ બે-ત્રણ કામ બાકી છે. યુનિફોર્મ સિવિલ કોડ પણ લાગુ થવો જોઈએ. ભારતમાં તમામ લોકો માટે એક જ નિયમ હોવો જોઈએ.

સ્વામી રામભદ્રાચાર્ય મહારાજે કથામાં જણાવ્યું હતું કે આપણા માતા અને આપણી જન્મભૂમિ સ્વર્ગ કરતાં પણ શ્રેષ્ઠ છે. આપણા માતા સ્વર્ગ કરતા પણ મોટા છે, તેમનું અપમાન કરીને કોઈ ખુશ ન થઈ શકે. શહેરમાં વિવિધ સ્થળોએ વૃદ્ધાશ્રમ બનેલા છે, હું કહું છું કે એવી સ્થિતિ ન સર્જાય કે વૃદ્ધાશ્રમ બનાવવા પડે. તેમણે મહિલાઓને કહ્યું કે એક વખત સાસુની સેવા કરવાથી લાખો પાર્વતી પૂજાનું ફળ મળે છે. અન્ય કથાવાચકો માટે કહ્યું છે કે હું શુદ્ધ કથા સંભળાવું છું. હું અન્ય વક્તાઓને કહેવા માંગુ છું કે તેઓએ શુદ્ધ કથા કહેવી જોઈએ. નાચવાનું, ગાવાનું બંધ કરો. ભગવાન રામમાં ૫ દેવતાઓ હાજર છે. પહેલા ગણપતિ, બીજા શિવજી, ત્રીજા વિષ્ણુ, ચોથા સૂર્યદેવ અને પાંચમા દુર્ગા.

રામભદ્રાચાર્યએ કહ્યું કે, ડૉ. ભીમરાવ આંબેડકર દ્વારા રચિત બંધારણના પ્રથમ પાના પર પણ સીતારામની જ તસવીર હતી. જેના પર ૧૦૦ લોકોએ સહી કરી હતી. આપણે ૨૦૦૦ વર્ષ સુધી ઊંઘતા રહ્યા. વિદેશીઓએ આપણો સર્વનાશ કર્યો હતો. આ જ આગ્રાના મીના બજારમાં, અકબરે શાકમાર્કેટની જેમ મહિલાઓનું બજાર ઊભું કરી દીધુ હતું. હવે રામના નામથી અમારી આંખો ખૂલી ગઈ છે.હવે હું હનુમાન બનીશ સ્વામી રામભદ્રાચાર્ય મહારાજે હનુમાન જન્મોત્સવ પર હનુમાનજીની કથા સંભળાવી હતી. શિવજીએ પાર્વતીજીને કહ્યું કે મારે હનુમાન બનવું છે, રામજીની સેવા કરવી છે. હું બ્રહ્મચારી રહીશ, મને ખાવા માટે લાડુ મળશે. હનુમાનજીના જન્મ અંગે તેમણે જણાવ્યું કે હનુમાનજી ભગવાન શ્રીરામથી ૬ દિવસ નાના છે, કારણ કે તેમનો જન્મ ચૈત્ર પૂર્ણિમાના દિવસે મંગળવારે મેષ રાશિમાં થયો હતો. કથા સ્થળે ભગવાન શ્રી રામના બાળપણના મનોરંજનનું વર્ણન કરવામાં આવશે. સાથે જ પૂર્વ નાયબ મુખ્યમંત્રી ડો.દિનેશ શર્મા સ્વામી રામભદ્રાચાર્ય મહારાજના આશીર્વાદ લેવા કથા સ્થળે પહોંચશે.

# એક કુશળ માળી - સંત રાજીન્દર સિંહજી મહારાજ

આપણી પૃથ્વી પર બહુ જ જંગલી વૃક્ષો -છોડ તથા બાગ બગીચા પ્રકૃતિના સંરક્ષણમાં ફૂલે-ફૂલે છે પરંતુ તેમની સુંદરતા જાળવી રાખવા માટે એક માળીની જરૂરત હોય છે. ફૂલો થી ભરેલા બગીચાઓ અને ઔષધીઓથી ભરેલી વનસ્પતિ, સાર્વજનિક તેમજ ઘરેલું બગીચાઓ ની સુંદરતા જાળવી રાખવા માટે એક કુશળ માળીની પ્રેમ ભરી દેખભાળ ની આવશ્યકતા હોય છે જેથી કરીને ત્યાં આવવા વાળા વ્યક્તિઓને એક ખુશ્બુદાર અને મનમોહક વાતાવરણ મળે તથા તેનો તેઓ ફાયદો ઉઠાવી શકે.

ઠીક તે જ પ્રકારે જો આપણે સદા -સદા નો આનંદ મેળવવા ઈચ્છીએ છીએ તો આપણે



આપણા શરીરના સિવાય પોતાની આત્માને પણ હરિ-ભરી રાખવું પડશે. પોતાની આત્માના સંરક્ષણ અને દેખભાળ માટે આપણે એક કુશળ માળી અર્થાત સદગુરુ ની આવશ્યકતા હોય છે કેમકે આપણી આત્મા યુગોયુગોથી પિતા પરમેશ્વર થી અલગ હોવાથી મુરજાય ગઈ છે.

આપણી આત્માના સદગુરુ રૂપી માળી જેને આપણે સંત મહાપુરુષો કહીએ છીએ, તેઓ આપણને સમજાવે છે કે આપણે આપણી આત્મારૂપી બીજને કેવી રીતે એક ભવ્ય અને ખુબસુરત ફુલના સ્વરૂપમાં વિકસાવી શકીએ છીએ જેવું કે પ્રભુ ઈચ્છે છે તેના માટે તેઓ આપણને સદગુણોને આપણી જિંદગીમાં ઢાળવાની પ્રેરણા આપે છે જેથી કરીને આપણી આધ્યાત્મિક ઉન્નતી ની જમીન તૈયાર થાય અને આપણી અંદર પ્રેમ, કરુણા તથા દયા ભાવના ફૂલ ખીલે જેનાથી તેની ખુશ્બુ થી બીજા નું જીવન પણ મહેકી ઊઠે.

માળી રૂપી આવા સંત મહાપુરુષો આપણે આત્માને પ્રભુ પાસે પરત લઈ જવાનો રસ્તો શીખવા માટે હંમેશા આવે છે. તેઓ સ્વયં પ્રભુથી એક ને એક હોય છે અને આપણને ધ્યાન અભ્યાસ દ્વારા પ્રભુ થી જોડવાનો રસ્તો શીખવે છે જેના દ્વારા આપણે પણ તે જ અનુભવ પ્રાપ્ત કરી શકીએ કે જેનાથી આપણી આત્મા સદા સદા માટે હરી-ભરી થઈ જાય અને તેમાં ક્યારેય કોઈ પાનખર ના આવે. કેવળ એક સદગુરુ માળી જ આપણી આત્માને પોતાની દયા મહેરથી તેની સુંદરતાને જાળવી રાખે છે જેથી આપણે આપણી અંદર પ્રભુ પ્રેમનો અનુભવ કરીએ તથા પોતાની આત્મા પરમાત્મામાં લીન કરાવવા નો વાસ્તવિક ઉદ્દેશ્ય ને આ જ જીવનમાં પૂરો કરી શકીએ.

# બનાસકાંઠા, રાજકોટ સહિત ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં વરસાદી ઝાપટાં

ઘઉં, લસણ, મકાઇ, બાજરીના પાકને નુકસાનની ભીતિ

રાજ્યમાં એક પછી એક માવઠાની આગાહીની ઉપાધિ જોવા મળી રહી છે. ઉનાળાના પ્રારંભની સાથે જ માવઠાએ મોકાણ સર્જતા ઠેર-ઠેર અનેક વિસ્તારોના વાતાવરણમાં બદલાવ જોવા મળી રહ્યો છે. તેવામાં આજે ફરી રાજ્યના કેટલાક વિસ્તારોના વાતાવરણમાં પલટો આવ્યો છે. વહેલી સવારથી રાજ્યના કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતવારણ જોવા મળી રહ્યું હતું તો કેટલાક વિસ્તારમાં વરસાદી છાંટા પણ પડ્યા હતાં જેના કારાણે ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે.

આજ સવારથી બનાસકાંઠા જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો હતો આકાશમાં કાળા ડીબાંગ વાદળો જોવા મળી રહ્યા હતાં સમગ્ર જિલ્લામાં વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. વાતાવરણમાં પલટો આવતા ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. સાથે જ મિશ્ર વાતાવરણના કારણે રોગચાળોએ પણ માથું ઉચક્યું છે.

આ ઉપરાંત અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. માલપુરમાં કમોસમી વરસાદ ખાબક્યો છે. વરસાદ થતાંની સાથે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. ખેડૂતોમાં મકાઈ, બાજરી સહિતનાં પાકમાં નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. મહત્ત્વનું છે કે, કમોસમી વરસાદ પડે તો મોટાભાગે શાકભાજીને નુકસાન પહોંચશે. આ ઉપરાંત ઘઉં, એરંડા, વરિયાળી જીરું, બટાકા અને કપાસ જેવા પાકોને પણ ભારે નુકસાન થઈ શકે તેમ છે.

NEWS OF GANDHINAGAR_P-2

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No : 120**
વિષય : રસથાળ
શીર્ષક : રસથાળ
શબ્દો : ૫૮
લેખક નું નામ : ડૉ રમીલા ડી મકવાણા ★રમા★
લાડુલા તા ભાભર જિ બનાસકાંઠા

★રસથાળ★

ભાતભાતના ભોજનમાં મળે રસથાળ,
ગરીબના સૂકા રોટલામાં ભળે રસથાળ.
ઉનાળામાં કેરી ખાતાં-ખાતાં મળે રસથાળ,
ખેતરનાં શેઢે ખાથુ ખાવામાં મળે રસથાળ.
શેરીમાં રખડતાં ઢોર ચાટમા ચાટે રસથાળ,
ભિખારીએ માંગેલા ખાણામાં જુએ રસથાળ.
હાથીને મણ કીડીને કણમાં દેખાય રસથાળ,
અમીર-ગરીબનાં જમણમાં દેખાય રસથાળ.
સાત દિવસના ટાઢા ટૂકડામાં જોયો રસથાળ,
★રમા★ કહે ભાવ હોય ત્યાં બધે દેખાય રસથાળ.

********************************

**NOG SS NO. - 39**
વિષય - રસથાળ
શીર્ષક - માનાં હાથનો રસથાળ
શબ્દો - ૮૨
લેખકનું નામ - પ્રફુલ્લા "પ્રસન્ના'

થાળ ભરીને રસ પીરસ્યાં છે,
બત્રીસે પકવાન પીરસ્યાં છે,
નવરસ ને ચાર ચટણી પીરસી છે,
તોય મીઠાશ માની રસોઈની નથી.
જ્યાં જઈએ ત્યાં ભોજન શોધીએ,
સ્વાદ માટે હોટલોએ રખડીએ,
દેશ વિદેશની વાનગીઓ આરોગીએ,
તોય મીઠાશ માની મમતાની નથી!
સો જાતનાં પરોઠા ને ભાત ભાતનાં શાક,
વાનગીઓની વિવિધતાનો ધરે ભંડાર,
ખાતાં થાકી જાવ એટલાં ભોજનનાં પ્રકાર,
તોય એમાં સ્વાદ મારી માના હાથનો નથી!
હોય ભોજનમાં જો મારી માનો હાથ!
તો હોંશે હોંશે જમું હું એ રસથાળ!
પ્રફુલ્લા "પ્રસન્ના"

********************************

***N. O. G. S. S. No0102*,.**
★વિષયઃ-. રસ થાળ★.
★શીર્ષક;- બાસુંદી★.
★શબ્દઃ-૨૬૨★.
★લેખકનુંનામઃ-રતીલાલવાયડા★
★તારીખ :- ૭/૪/૨૦૨૩. શુક્રવાર★.
★રચનાઃ★-

આપવામાં આવેલ વિષય રસથાળમાં આજે આપણે ★બાસુંદીની★ વાનગી બનાવવાના છીએ.

★વાનગીમાટેનીસામગ્રીઃ★-

અમુલ ગોલ્ડનું દૂધ પાંચ લીટર, ખાંડ ૫૦૦ગ્રામ, એલચી , બદામ , પિસ્તા , કેસર , જાયફળ વગેરે.

★બનાવવાની રીત,★:-

સૌપ્રથમ ગેસની ઉપર કડાઈ અથવા મોટું તપેલું મૂકવું અને તેમાં અમૂલનું દૂધ નાખી દેવું અને ધીરે ધીરે હલાવતા જાઓ. દૂધ તળિયે બેસી ન જાય તેની ખાસ કાળજી રાખવી. થોડીવારમાં દૂધ ઉકળવા લાગશે અને આમ ઉકળતું દૂધ સતત હલાવતા રહો અને થોડી થોડી વારે ઉપર મલાઈ આવે તેને બાજુમાં

ચીપકાવતા જાઓ. ધીરે ધીરે દૂધનો કલર બદામી રંગનો થવા લાગશે આમ લગભગ અડધું દૂધ બળી જાય ત્યાં સુધી તેને સતત હલાવતા રહો અને બાજુમાં મલાઈ જમાવતા રહો. ત્યારબાદ ટોપીયાની આસપાસ કે કડાઈની આસપાસ જમા થયેલા બાસુંદીના લચ્છાને ઉખેડી અને તેમાં નાખી દો અને પછી તેમાં ૫૦૦ ગ્રામ જેટલી ખાંડ ઉમેરી દો અને સતત હલાવતા રહો. ખાંડ જ્યારે બરોબર પાકી જાય ત્યાર પછી તેમાં એલચી , બદામ , પિસ્તા , કાજુની નાની કતરી કરી, જાયફળનો પાવડર તેમજ થોડા કેસરના તાતડા નાખી દો. આ રીતે થોડી વાર હલાવી અને ત્યાર પછી તેને નીચે ઉતારી તેને ઠંડુ થવા દો.

ત્યારબાદ તમે જોશો કે આપણી બાસુંદી તૈયાર થઈ ગઈ છે . તેનો સરસ મજાનો બદામી રંગ અને કેસરને કારણે પીળાશ પડતો રંગ આવી ગયો છે , અને તમને સુગંધ પણ એલચીની અને જાયફળની આવવા લાગશે અને બદામ પિસ્તા વગેરે તેની શોભામાં વધારો કરશે.

તો ચાલો મિત્રો આપણી ★બાસુંદી★ જમવા માટે તૈયાર થઈ ગઈ છે . આ બાસુંદીમાં લગભગ૧૦ થી ૧૨ માણસો પેટ ભરી અને સારી રીતે જમી શકે છે . બાસુંદી, પુરી ,ઢોકળા, ખાંડવી ,પતરવેલીયા અને દાળ ભાત શાક આવી સુંદર વાનગીનો આનંદ માણી શકોછો.

********************************

**NOG SS No.- 0063**
વિષય - રસથાળ
શીર્ષક - 'પામરથી પરમ'
શબ્દો - ૨૦૦
લેખક - રીટા ભાયાણી
તારીખ - ૭/૪/૨૦૨૩.

'શું બાયલાની જેમ માની પાછળ પાછળ ફર્યા કરે છે? એમાંય રસોડું તને કેમ આટલું વ્હાલું લાગે છે!' દાદીમાની એ ટકોર અને બધાં નાના-મોટા કાકા ફોઈના સરખે સરખા ભાંડરડાની મજાક ' અરે, એ તો મોટો થઈને રસોયો બનશે રસોઈયો...હા..હા..હા..'

હા, એ લોકો ખોટાં નહોતાં. મને કોને ખબર! બે જ વસ્તુઓ આકર્ષતી...એક મા અને બીજી વિવિધ વાનગીઓની સુગંધ અને સ્વાદ.

મારી માનાં હાથમાં જાદું હતો. એ અડસટ્ટે મસાલાઓ નાંખતા પણ એ ક્યારેય ઓછાવત્તા ના થાય. હું એની આ વણઅંકાયેલી કળાથી પ્રભાવિત થઈ, અનેક સવાલો કરતો. મા કંટાળ્યા વગર ખુશી ખુશી જવાબ આપતાં અને ભોજન બનાવતી વ્યક્તિની મનોદશાની ભોજનના સ્વાદ તથા વિશેષ આરોગનારના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પર થતી અસરો વિશે સમજાવતાં.

આમ, ભોજનને ભોગમાં રુપાંતરિત કરવું એ માત્ર એકજ વ્યક્તિનાં હાથમાં છે. એ છે, 'મા'.

એ પવિત્ર હાથનો જાદુ 'પામરને પરમ' બનાવી શકે છે.

આમ શરું થઈ મારાં જીવનની, લોકોના જીવનને પેટથકી પરમ બનાવવાની યાત્રા.

કહે છે ને, "અન્ન એવો ઓડકાર".

અને...

આજે એકતાળીસ વર્ષની આયુએ ભારતમાં જ પરંપરાગત રસોઈનાં એકતાળીસમાં સાહસ 'રસથાળ'ના ઉદ્ઘાટન પ્રસંગે હું અતિ હર્ષની લાગણી અનુભવું છું અને આજીવન શિક્ષક એવાં મારી માતાને શત્ શત્ વંદન કરું છું.

ભોજનમાં છુપાયેલાં ભાવનો આવો અનોખો અને અદ્વિતીય ગુઢાર્થ, એ છે 'રસથાળ' રેસ્ટોરાંની સફળતાની ચાવી.'

હૉલમા હાજર સર્વેએ નિલેશભાઈને ઊભાં થઇ તાળીઓથી વધાવ્યાં.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૪૫નો કડાકોઃ ચાંદીમાં રૂ.૧૫નો નોમિનલ સુધારો

## એમસીએક્સ પર ગુડફ્રાઈડે નિમિત્તે બંધ રહેલાં કામકાજઃ ગુરૂવારે મોડી રાત્રે પૂરા થતાં સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૬,૯૮૯ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૩૯૦૦૭.૬ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૩૦ કરોડનાં કામકાજ

ડેઈલી માર્કેટ રિપોર્ટ

મુંબઈઃ કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૭,૫૨,૭૮૦ સોદાઓમાં કુલ રૂ.૫૬,૦૨૬.૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૬,૯૮૮.૮૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩૯૦૦૭.૬ કરોડનો હતો. દરમિયાન, શુક્રવારના રોજ ગુડ ફ્રાઈડે નિમિત્તે એક્સચેન્જ પર કામકાજ બંધ રહ્યા હતા.

ગુરૂવારે મોડી રાત્રે પૂરા થતાં સત્ર સુધીમાં કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૫૫,૮૦૯ સોદાઓમાં રૂ.૧૦,૪૭૯.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦,૬૭૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૮૩૬ અને નીચામાં રૂ.૬૦,૩૩૦ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૩૪૫ ઘટી રૂ.૬૦,૫૧૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૩૬ ઘટી રૂ.૪૮,૦૭૪ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૦ ઘટી રૂ.૫,૯૫૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૦૫ ઘટી રૂ.૬૦,૨૭૬ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૪,૩૩૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૪,૮૨૦ અને નીચામાં રૂ.૭૩,૭૨૬ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૫ વધી રૂ.૭૪,૫૭૦ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૬ વધી રૂ.૭૪,૪૭૫ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪ વધી રૂ.૭૪,૪૫૨ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૪,૬૧૨ સોદાઓમાં રૂ.૧,૮૨૬.૪૩ કરોડના વેપાર થયા હતા. તાંબુ એપ્રિલ વાયદો રૂ.૭૬૮.૯૫ના ભાવે ખૂલી, રૂ.૪.૨૦ વધી રૂ.૭૭૧.૧૦ જ્યારે એલ્યુમિનિયમ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ વધી રૂ.૨૦૬.૫૫ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ ઘટી રૂ.૧૮૧ના ભાવ થયા હતા. જસત એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧.૫૦ ઘટી રૂ.૨૪૭ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ વધી રૂ.૨૦૬.૬૫ સીસુ-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ ઘટી રૂ.૧૮૦.૭૦ જસત-મિની એપ્રિલ વાયદો રૂ.૧.૪૫ ઘટી રૂ.૨૪૭.૫૦ બંધ થયો હતો.




એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૧,૨૬,૧૯૫ સોદાઓમાં રૂ.૪,૬૪૪.૬૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૫૫૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૬૨૭ અને નીચામાં રૂ.૬,૫૨૭ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૨ ઘટી રૂ.૬,૫૯૩ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૧ ઘટી રૂ.૬,૫૯૩ બંધ થયો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭૬ના ભાવે ખૂલી, રૂ.૭.૧૦ ઘટી રૂ.૧૬૯.૨૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૬.૯ ઘટી ૧૬૯.૭ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૩૮.૦૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૩,૨૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૩,૫૨૦ અને નીચામાં રૂ.૬૩,૧૪૦ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૩૮૦ વધી રૂ.૬૩,૪૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ વધી રૂ.૯૯૨ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૪૦૪ કરોડનાં ૭,૨૭૧.૪૫૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૬,૦૭૫.૬૯ કરોડનાં ૮૧૫.૭૪૦ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૨,૧૦૧.૫૬ કરોડનાં ૩૧,૯૩,૧૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૨,૫૪૩.૦૯ કરોડનાં ૧૪,૪૫,૪૩,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨૦૩.૨૩ કરોડનાં ૯,૮૩૭ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૮૨.૯૩ કરોડનાં ૪,૫૯૧ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૧,૦૮૩.૨૬ કરોડનાં ૧૪,૦૭૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૫૭.૦૧ કરોડનાં ૧૮,૪૩૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩૫.૫૧ કરોડનાં ૫,૫૬૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨.૫૮ કરોડનાં ૨૫.૯૨ ટનનાં કામકાજ થયાં હતાં.ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર બંને સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૧,૩૯૪.૩૩૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૯૧.૨૪૬ ટન, તાંબાના વાયદાઓમાં ૧૦,૨૭૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૬,૧૩૨ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૨૮૨ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૨,૨૬૮ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૭,૫૦,૦૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૭,૦૪,૪૫,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૫,૫૫૨ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૧૦.૩૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૯.૮૪ કરોડનાં ૩૬૨ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૦૦ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૬,૫૦૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૫૬૦ અને નીચામાં ૧૬,૪૦૭ બોલાઈ, ૧૫૩ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭૦ પોઈન્ટ ઘટી ૧૬,૪૭૫ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૩૯૦૦૭.૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૬૪૬.૪૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૦૫.૪૫ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૩૦૩૦.૪૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૨૨૪.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

# મંદિર પર ગુંડાઓનો હુમલો, દિવાલ પર લખ્યા ભારત વિરોધી સૂત્ર




કેનેડામાં હિંદુઓ વિરૂદ્ધ નફરતના ગુનાઓ અટકવાનું નામ નથી લઈ રહ્યા. અહીં ફરી એકવાર એક હિન્દુ મંદિરને નિશાન બનાવવામાં આવ્યું છે. માસ્ક પહેરેલા હુમલાખોરોએ ૫ એપ્રિલ, ૨૦૨૩ (સ્થાનિક સમય) ના રોજ, ઑન્ટારિયોના વિન્ડસર શહેરમાં નોર્થવે એવન્યુના ૧૭૦૦ બ્લોકમાં સ્થિત એક હિન્દુ મંદિર પર હુમલો કર્યો.

તેઓએ મંદિરમાં તોડફોડ કરી અને દિવાલો પર નફરતના સૂત્રો પણ લખ્યા. આ સાથે મંદિરની દિવાલ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ વાંધાજનક નારા પણ લખવામાં આવ્યા હતા. સ્થાનિક પોલીસે ઘટના અંગે માહિતી આપી છે. વિન્ડસર પોલીસે બંને શકમંદોના સીસીટીવી ફૂટેજ જાહેર કર્યા છે, જેમાં માસ્ક પહેરેલા બદમાશો મંદિરની દિવાલો પર ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરતા જોવા મળે છે. પોલીસે તેમની શોધખોળ શરૂ કરી છે.અહેવાલો અનુસાર, પ્રારંભિક તપાસમાં, પોલીસને ઘટનાનો એક વીડિયો મળ્યો છે, જેમાં મધ્યરાત્રિ પછી ૧૨ પછી બે શંકાસ્પદ લોકો વિસ્તારમાં જોવા મળ્યા હતા. વીડિયોમાં એક શકમંદ મંદિરની દિવાલમાં તોડફોડ કરતો જોવા મળી રહ્યો છે, જ્યારે બીજો થોડે દૂર ઉભા રહીને જોઈ રહ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે ઘટના સમયે, એક શંકાસ્પદ વ્યક્તિએ કાળો સ્વેટર, ડાબા પગ પર સફેદ રંગનો નાનો લોગો ધરાવતું કાળું પેન્ટ અને કાળા અને સફેદ ઊંચા ટોપ રનિંગ શૂઝ પહેરેલા હતા.

બીજા શંકાસ્પદ વ્યક્તિએ કાળું પેન્ટ, સ્વેટશર્ટ, કાળા પગરખાં અને સફેદ મોજાં પહેર્યાં હતાં. તે બદમાશોએ મંદિરની દિવાલો પર 'મોદીને આતંકવાદી જાહેર કરો' અને 'હિન્દુસ્તાન મુર્દાબાદ' જેવા સૂત્રો લખ્યા છે. સ્થાનિક પોલીસે કહ્યું, "વિંડસર પોલીસ હિંદુ મંદિરની તોડફોડની તપાસ કરી રહી છે."

પોલીસે બંને શકમંદો સાથે સંબંધિત માહિતી શેર કરવા માટે ફોન નંબર અને વેબસાઈટ સરનામું જાહેર કર્યું છે. વિન્ડસર પોલીસે જણાવ્યું હતું કે, "કોઈને પણ આ વિશે માહિતી હોય તેણે મોરાલિટી યુનિટને ૫૧૯-૨૫૫-૬૭૦૦ અથવા EXT ૪૩૬૨ પર કૉલ કરવો જોઈએ. તેઓ ક્રાઈમ સ્ટોપર્સનો અજ્ઞાતપણે ૫૧૯-૨૫૮-૮૪૭૭ (TIPS) પર અથવા www.catchcrooks.com પર ઑનલાઇન સંપર્ક કરી શકે છે..

ઉલ્લેખનીય છે કે કેનેડામાં હિંદુ મંદિરોમાં તોડફોડની ઘટનાઓ સામે આવી છે, પરંતુ હજુ સુધી ત્યાંની સરકાર દ્વારા કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. વિન્ડસરમાં આ પાંચમી ભારત વિરોધી ઘટના છે. આ પહેલા ફેબ્રુઆરી ૨૦૨૩માં મિસીસૌગામાં રામમંદિર તોડફોડ સાથે હિંદુ વિરોધી અને ભારત વિરોધી સૂત્રો લખવામાં આવ્યા હતા. જાન્યુઆરી ૨૦૨૩માં કેનેડાના બ્રામ્પટનમાં ગૌરી શંકર મંદિરને નિશાન બનાવવામાં આવ્યું હતું. ગૌરી-શંકર મંદિર કેનેડાના પ્રખ્યાત હિંદુ મંદિરોમાંનું એક છે. આ મંદિર વર્ષોથી હિન્દુઓની આસ્થા અને આદરનું પ્રતિક છે. તેની પાછળ ખાલિસ્તાની આતંકવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસ (SFJ)નો હાથ હોવાનું જણાવવામાં આવ્યું હતું. આ સિવાય ખાલિસ્તાની સમર્થકોએ મહાત્મા ગાંધીની પ્રતિમાને પણ ઘણી વખત નિશાન બનાવી છે અને ભારત વિરોધી સૂત્રો લખ્યા.

# અમેરિકા સહયોગ નહીં કરે તો એકલા જ હુમલો કરીશું, પરિણામની ચિંતા નથી :ઈઝરાઈલ

વોશિગ્ટન,તા.૭

ઈઝરાઈલના એરફોર્સ ચીફ હેરજી હાલેવીએ સ્પષ્ટ કર્યું કે તેમનો દેશ ઈરાન પર હુમલો કરવા માટે તૈયાર છે. હેરજીના કહેવા પ્રમાણે, ઈરાન પર હુમલા વખતે અમેરિકા મદદ કરે કે ન કરે તેની અમને કોઈ ચિંતા નથી, જો તે સાથ નહીં આપે તો અમે એકલા જ ઈરાનને એટમી હથિયાર બનાવવાથી રોકી શકીએ છીએ.ઈઝરાઈલનો આરોપ છે કે ઈરાન પરમાણુ હથિયાર બનાવવાની નજીક જઈ રહ્યું છે. જો ઈરાન પરમાણુ હથિયાર બનાવવામાં સફળ થાય છે તો તેનાથી ઈઝરાઈલની સાથે અનેક આરબ દેશોની સુરક્ષા માટે ખતરો ઉભો થશે. તેથી ઈરાનને કોઈપણ કિંમતે પરમાણુ શક્તિ બનતા અટકાવવું જરૂરી છે.

ઈઝરાઈલના આર્મી રેડિયોને આપેલાં ઈન્ટરવ્યુમાં એરફોર્સ ચીફે કહ્યું- અમે ઈરાન વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. અમારી પાસે એટલી શક્તિ છે કે અમે હજારો કિલોમીટર દૂર કોઈપણ ઓપરેશનને સફળતાપૂર્વક પાર પાડી શકીએ છીએ. અમે એવી ક્ષમતા મેળવી લીધી છે કે અમે દૂરથી કોઈપણ લક્ષ્યને નિશાન બનાવી શકીએ છીએ. લક્ષ્ય કેટલું દૂર અથવા કેટલું નજીક છે તેનાથી કોઈ ફરક પડતો નથી.અન્ય એક પ્રશ્નના જવાબમાં ઈઝરાઈલના વાયુસેના પ્રમુખે કહ્યું- અમે સારી રીતે જાણીએ છીએ કે એકલાં હાથે હુમલો કરી રીતે કરી શકાય છે અને તેમાં સફળતા પણ કેવી રીતે મેળવી શકાય છે. જો અમેરિકા આ મિશનમાં અમારી સાથે જોડાય તો સારું રહેશે. જો તે તેમાં ભાગ ન લે તો પણ કોઈ વાંધો નથી, ઈઝરાઈલ પાસે પોતાના બળે આવા મિશન સફળતાપૂર્વક પૂર્ણ કરવાની શક્તિ છે.હાલ, ઈઝરાઈલ અને ઈરાન વચ્ચે તણાવ ઝડપથી વધી રહ્યો છે. ઈરાને આરોપ લગાવ્યો છે કે ઈઝરાઈલની વાયુસેનાએ સીરિયા પર હુમલો કર્યો અને તેમાં ઈરાનના કેટલાક સૈનિકો માર્યા ગયા. બીજી તરફ ઈઝરાઈલને પ્રશ્ન છે કે ઈરાની સૈનિકો સીરિયામાં કયા હેતુથી હાજર હતા.

ઈરાની સરકાર કે સેનાએ એ નથી જણાવ્યું કે ઈરાની સૈનિકો સીરિયામાં શું કરી રહ્યા છે, પરંતુ નિશ્ચિતપણે ધમકી આપી છે કે આ હુમલાનો બદલો લેવામાં આવશે. તહેરાને કહ્યું- જો ઈઝરાઈલ હુમલો કરી શકે છે તો અમે પણ સક્ષમ છીએ. જવાબ ચોક્કસપણે યોગ્ય સમયે આપવામાં આવશે.

બીજી તરફ આ મામલે અમેરિકા હજુ પણ મૌન છે. જો બાઈડને કહ્યું છે કે ઈરાનને રાજદ્વારી રીતે પરમાણુ હથિયારો પ્રાપ્ત કરવાથી રોકી શકાય છે. જોકે, ઈઝરાઈલ આ વાત સાથે સહમત નથી.

NEWS OF GANDHINAGAR_P-3

# લુપ્ત કરાતા માહિતી અધિકાર સામે આરટીઆઇ કાર્યકર્તા મહાસંમેલનમાં થાશે રણટંકાર !

Rti Act Reform Movement Gujarat India (9904012169)

આપણી આઝાદીનો ઈતિહાસ અનેરો છે.

ભારતમાં વર્ષોની ગુલામી અંતે,અનેક લોકોની શહીદીના અંતે, કારાવાસ, કાળાપાણીની સજા અંતે, આઝાદીના લડવૈયા સ્વાતંત્ર સેનાનીઓ,પ્રખર દેશભક્તો, ગરીબ પ્રજાના વર્ષોના સંઘર્ષ અંતે, સમગ્ર વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ગણાતા એવા આપણા ભારતમાં જે સંવિધાન બંધારણ છે. અનોખું, અભૂતપૂર્વ બંધારણ છે . વિશ્વભરમાં નામના છે .આપણને આઝાદી મળી પછી મળ્યું પ્રજાસત્તાક સ્વરાજ. આપણી આઝાદી સ્વરાજમાં નાગરિકોને દેશવાસીઓને કેન્દ્રમાં રાખીને વિવિધ કાયદાઓનો અમલ કરાવવા માટે અલગ તંત્રો વ્યવસ્થા કરવામાં આવી. એવું ન કહી શકાય કે આપણું સંવિધાન સર્વોત્તમ છે પરંતુ ઉત્તમ છે જ.

આપણા જેવું સંવિધાન વિશ્વના કોઈ લોકશાહી દેશમાં નથી એ ગૌરવની વાત છે.

ધીરે ધીરે આપણે જોઈ રહ્યા છીએ કે કાયદાઓ ફક્ત પુસ્તકોમાં જોવા મળે છે. 'પોથીના રીંગણા' ૧૯૪૭થી વર્ષો પછી ૨૦૦૫માં જાણવાનો માહિતી અધિકાર મળ્યો.

શરૂશરૂમાં માહિતી અધિકારનો ઉપયોગ કરી ગરીબ, અદના લોકોએ ખરેખર આઝાદી,સ્વતંત્રતા, લોકરાજ છે એવો અનુભવ કર્યો .

લોકો સરકારી દફતરમાં દફન માહિતી મેળવવા લાગ્યાં અને કૌભાંડો ધીરે ધીરે જાહેર થવા લાગ્યા.

શાસન પલટો થવા લાગ્યો, રાજકારણી અને અધિકારીઓ જેલમાં જવા લાગ્યાં.

જાહેર સેવા સત્તા મંડળમાં બિરાજેલા બની બેઠેલા સાહેબ 'જાહેરસેવકો' અને પડદા પાછળ ર લાભ ચાટનાર રાજકારણીઓ, રાજકારણીને નચાવનાર ઉદ્યોગપતિઓના કરતૂતો ખુલવા લાગ્યા.

માહિતી અધિકાર સૂચના અધિકારનો સાચો અમલ થાય તો ?

દેશભક્તિ, રાષ્ટ્રપ્રેમ, સમાનતા, બંધુતા,પારદર્શિતા, પ્રમાણિકતાના દાવા કરતાં , ચુંટણીમાં વચનોની લ્હાણી કરતા નેતાઓના પેટમાં શું ખુંચે છે?

નાના ગામમાં વૃક્ષ બચાઓ ઝાડને ચીપકી શરુ થયેલા આંદોલનના અંતે શહીદી, જેલ, લાઠીચાર્જ અંતે જનતાને અધિકાર માહિતી મળ્યો છે.

ખેતીપ્રધાન દેશનો કિસાન એની જમીન, મજદૂર એનું વેતન સુરક્ષા,

વિદ્યાર્થી એની પરીક્ષાની ઉત્તરવહીની ચકાસણી, સરકારી દફતરના દસ્તાવેજ જોઇ જાણી માગી શકાય , ગામની ગોચર જમીન કોણ ચરી ગયું, સરકારી યોજના અંતર્ગત જાહેર કરવામાં આવેલા નાણાં ક્યાં ખર્ચાયા એ જાણતો થયો છે.

પરંતુ કેટલાય સમયથી માહિતી અધિકાર લૂલો લંગડો બનાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે .

અનેક સવાલો ઉત્પન્ન થઈ રહ્યા છે.

જેમને આ કાયદાની અમલવારીની ચોકીદારી સોંપી છે એમના નિર્ણયો પર , રહેણીકરણી પર, નિમણૂક પર , ચુકાદાઓ પર અનેક સવાલો થઈ રહ્યા છે.

સરકારી અર્ધ સરકારી યોજનાઓ, ઠરાવ, ટેન્ડર, આવક જાવક ઓડિટ રિપોર્ટ, હાજરી રજીસ્ટર, ફરિયાદ તપાસ રીપોર્ટ, શાળાઓનાં વાર્ષિક નિરિક્ષણ, માલસામાન ગુણવત્તા રીપોર્ટ, ગામ ગોચર પડતર જમીન જંગલના નકશાઓ, મકાન મિલકત તુમાર, ઈજારદાર ને સોંપાયેલ કામ અમલ અને એનું પરિણામ જાહેર જનતા જાણી માગી શકે છે.

માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી માટે અરજી કરી લોકો જ સર્વ સત્તાધીશ છે એ ભ્રષ્ટાચારીઓને મંજુર હોય શકે?

માહિતી મેળવવાનો પ્રયત્ન કરનારા નાગરીકો ઉપર જાનલેવા હુમલા, ધમકી, ખૂન મર્ડર, અપાહિજ લાચાર કરવાના ભયનું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે.

બીજી બાજુ માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ હેઠળ અરજી કરનાર ઉપર આજીવન પ્રતિબંધ લગાવવામાં આવે છે.

હવે તો માહિતી માંગશો તો સજા થઈ શકે છે એવી પરિસ્થિતિ નિર્માણ કરવામાં આવી છે.

આવાં સમયે ભારતનાં સંવિધાનમાં અતૂટ શ્રધ્ધા રાખનાર , નિષ્પક્ષ, નીડર,નિસ્વાર્થ લોકો એક મંચ થઈ રહ્યાં છે.

ગયાં વર્ષે ગુજરાત સુરત મધ્યે ૧૦૦૦ અને આ વર્ષે અમદાવાદમાં ૨૦૦૦ કરતાં વધુ આરટીઆઈ કાર્યકર્તા,પત્રકાર, સામાજિક કાર્યકરો,ધારાશાસ્ત્રી ઓનું આરટીઆઈ કાર્યકર્તા અમૃત મહા સંમેલન મળશે.

સંમેલનમાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે અને સંયોજક દિપક પટેલ શિક્ષક સુરત ૯૯૦૪૦ ૧૨૧૬૯ ને ઈચ્છુક જનતાને પોતાનું આખુ નામ, આખુ સરનામું અને સંપર્ક ફોન નંબર લખી મોકલવા વિનંતી જાહેર કરવામાં આવી છે.

ગુગલ ફોર્મ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે અને કોઇને પણ વગર નોંધણી વગર, ફોર્મ રજીસ્ટ્રેશન કરાવ્યા વગર પ્રવેશ પ્રતિબંધિત છે.

લોકોના અધિકાર, માહિતી અધિકાર અને લોકશાહીના ધબકાર ને સુરક્ષિત કરવા હવે થાશે રણટંકાર.

દિપક પટેલ શિક્ષકની કલમે

# ગાંધીનગર મહાનગરપાલિકાનો હઠાગ્રહ

સફાઈ કામદારોને સ્માર્ટ વોચ પકડાવીને જ દમ લીધો. સફાઈ કામદારો કહે છે કે લોકેશન ટ્રેસ કરવા માટે આ સ્માર્ટ વોચમાં જીપીએસ આપેલું છે. સરકારના સચિવાલયના કર્મચારીઓ અને અધિકારીઓ માટે પણ આવી સ્માર્ટ વોચ હોવી જોઈએ. વર્ગ ચારના કર્મચારીઓના લોકેશન ટ્રેસ કરવા માટે સ્માર્ટ વોચ આપવામાં આવી છે. સફાઈ કામદારોના જણાવ્યા મુજબ એક સ્માર્ટ વોચ ૨૭,૦૦૦ રૂપિયાની છે. પરંતુ મેં જ્યારે સફાઈ કામદારની સ્માર્ટ વોચ જોઈ તો મને ૨,૭૦૦ રૂપિયાની પણ ન લાગી. પરંતુ કિંમત તો કોન્ટ્રાક્ટરોએ ચૂકવી છે. પરંતુ અડધા રૂપિયા જનતાના પણ ગયા છે. મારો સવાલ એ છે કે ઝાડુ મારતાં સફાઈ કામદારોને સ્માર્ટ વોચની શું જરૂર છે? જો વિશ્વાસ નથી અને લોકેશન ટ્રેસ કરવું છે તો સચિવાલયના કર્મચારીઓનું પણ કરી શકાય. જો ફક્ત લોકેશન ટ્રેસ કરવા માટે જ સ્માર્ટ વોચ આપવામાં આવી છે તો પાંચ જણ વચ્ચે એક જ માણસ લોકેશન પર પહોંચે અને પાંચ સ્માર્ટ વોચ ખીસ્સામાં લઈને ફરે તો પણ લોકેશન ખોટું બતાવે. આમાં લોકેશન સ્માર્ટ વોચનું બતાવે છે સફાઈ કામદારનું નહીં. આ ઉપરાંત જીપીએસ જોવા કોને બેસાડ્યો છે? અને આ લોકો વર્ગ ચારના કર્મચારીઓ છે. તેમને માંડ ચાર હજાર રૂપિયા મહિનાનો પગાર અપાય છે. તેમાંય જીપીએસ દ્વારા લોકેશન ટ્રેસ કરાય છે. સચિવાલયના વર્ગ એક બે ના કર્મચારીઓ દોઢ લાખ રૂપિયાનો પગાર લે છે અને કોઈ લોકેશન ટ્રેસ કરાતું નથી. સફાઈ કામદારો આ સ્માર્ટ વોચ વાપરે છે તેના પૈસા તેમના પગારમાંથી દર મહિને કપાય છે. એક તો માંડ ચાર હજાર પગાર હોય તેમાંથી આ પૈસા ફરજિયાત ભરવાનાં. સ્માર્ટ વોચ સફાઈ કામદારોને આપવાની જરૂર શું પડી. મને તે સમજાતું નથી.

# શ્રી તાત્કાલિક હનુમાનજી આશ્રમ સાવરકુંડલા ખાતે હનુમાનજી જન્મ મહોત્સવની ભવ્યતિ ભવ્ય ઉજવણી કરવામાં આવી



ભારતીય અસ્મિતાનો સહુથી પરમ પાવન મંગલકારી દિવસ એટલે શ્રી રામ ભક્ત મહાબલી હનુમાનજી મહારાજનો જન્મ મહોત્સવ. આ વખતે હનુમાન જયંતિ સેવા, શ્રદ્ધા અને સાધનાના ત્રિવિધ સંગમથી ઉજવવામાં આવી હતી જેમાં હનુમાનજી મહારાજની મહા આરતી બાદ ૪૫૦૦ ભાવિકો એ સાથે બેસી મહાપ્રસાદ આરોગ્ય હતો આ સાથે પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ ચાલી રહેલા કાળઝાળ ઉનાળાના દિવસોને ધ્યાને લઇને શહેરી વિસ્તારમાં પક્ષીઓને ઠેર ઠેર પાણીની સવલત ઊભી કરવાનાં આશયથી સાવરકુંડલા વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા ના હાથે જીવદયા પ્રેમીઓને ૯૫૩ માટીના કુંડાનું વિતરણ તેમજ શહેરી વિસ્તારોમાં પક્ષીઓને ઈંડા મુકવાના સુરક્ષિત સ્થાનોના અભાવને ધ્યાને લઈને ૮૫૭ ચકલીઘરનું વિનામૂલ્યે વિતરણ કરવા આવ્યું હતું તેમજ રાત્રિના કૌશિકગીરી ગૌસ્વામી દ્વારા હનુમાન ચાલીસાના પાઠ તથા હનુમાન ચાલીસા ગાન તેમજ હનુમાનજીની ભક્તિ આરાધના કરવામાં આવી હતી. જે આશ્રમના મહંત બાપુની યાદીમાં જણાવેલ છે.

## ગુજરાતના આર્ટીસ્ટો અને ટેકનીશયનો માટે સારા સમાચાર

# દાદા સાહેબ ફાડકે ચીત્રપટ યુનીયન હવે ગુજરાતમાં કાર્યરત

## ગુજરાતના કાર્યકારી પ્રમુખ તરીકે શ્રી અફઝલભાઈ મહેતર અને રેવંતભાઈ ગજ્જર ની નિમણુંક



મુંબઇ મહારષ્ટ્ર જે મહાનગરીની સાથે સાથે બોલીવુડ નગરી તરીકે પણ પ્રખ્યાત છે અને દરેક કલાકાર કે ટેકનીશયનનું સવપ્ર હોય છે. કે તે મુંબઇ જઇને સફળ થાય અને પોતાની કાબેલીયત મુજબ બોલીવુડમાં કામ મેળવી અને મુંબઇમાં સેટલ થઇ જાય પણ આ એક સપનું જ રહી જતું હોય છે

પણ હવે ગુજરાતના દરેક કલાકારો અને ટેકનીશયન પોતાના સપનાને સાકાર કરી શકશે. ગુજરાતના કલાકારો માટે આ સારા સમાચાર છે.દાદા સાહેબ ફાડકે ચિત્રપટ યુનિયન જે મુંબઇ મહારાષ્ટ્રમાં સીમીત હતું તે હવે થી ભારત સરકારની મંજુરીથી ઓલ ઈન્ડીયામાં પોતાના કાર્યક્ષિત્રનો વિસ્તાર કરી શકશે મતલબ કે ભારતમાં ક્યાંય પણ દાદા સાહેબ ફાડકે ચીત્રપટ યુનીયન કાલાકારોના અને ટેકનીશયનો ના હીત માટે કાર્ય કરી શકશે.જેની મંજુરી ભારત સરકાર દ્વારા આપવામાં આવી છે. દાદા સાહેબ ફાડકે ચીત્રપટ યુનીયનમાં ઘણા વર્ષોથી કાર્યરત એવા રેવંતભાઇ ગજ્જર ના અથાગ પ્રયત્ન થી આ યુનીયન હવેથી ગુજરાતમાં કાર્યરત રહેશે.

અને આ માટે થઇ DSPC યુનીયન ના ઓલ ઇન્ડીયા પ્રેસીડન્ટ શ્રી અજીત મહામુનકર સાહેબ દ્વારા ગુજરાતના કાર્યકારી પ્રમુખ તરીકે શ્રી રેવંતભાઇ ગજ્જર અને શ્રી અફઝલભાઇ મહેતરની નિમણુંક કરવામાં આવી છે અને આ સાથે આ કમીટી દ્વારા ગુજરાતના મહીલા પ્રમુખ તરીકે શ્રી રંજનબેન ચૌહાણની વરણી કરવામાં આવી છે અને રાજકોટ મહીલા પ્રમુખ તરીકે ભાવનાબેન લીડીયા ની વરણી કરવામાં આવે છે. વધુ માહીતી આપતા અફઝલભાઇ જણાવે છે કે ùજીઝ યુનીયન ગુજરાતમાં કાર્યરત હોવાથી ગુજરાતના દરેક કલાકાર કે ટેકનીશયનોને ઘણો ફાયદો થવાનો છે જેમાં આર્ટીસ્ટ કાર્ડ માટે પહેલા મુંબઇ જવું પડતું અને છેતરપીંડી નો શીકાર પણ થઇ જવાતુ કારણ કે ઘણા ફ્રોડ લોકો આવી રીતે છેતરપીંડી કરતા હોય છે અને ફરઝી આર્ટીસ્ટ કાર્ડ કલાકારોને કાઢી આપતા હોય છે જેનો કોઇ જ ફાયદો નથી હોતો પણ હવેથી આ અર્ટીસ્ટ કાર્ડ ગુજરાતમાં આ યુનીયન દ્વારા કાઢી આપવામાં આવશે.

અને DSPC યુનીયન દ્વારા ગુજરાતના દરેક કલાકારોને સારુ પ્લેટફોર્મ પુરું પાડવા માટે આ યુનીયન કાર્યરત રહેશે તેમ ગુજરાત મહીલા પ્રમુખ શ્રી રંજનબેન ચોહાણ જણાવે છે. આર્ટીસ્ટ કાર્ડ શું કામે કઢાવવું જોઇએ તે વિશે વધુ માહીતી આપતા રેવંતભાઇ ગજ્જર જણાવે છે કે આર્ટીસ્ટ કાર્ડ કલાકારો કે ટેકનીશયનો માટેનું એક આઈડેન્ટી પ્રુફ છે જે બતાવે છે કે તમે એક અભીનેતા કે અભિનેત્રી છો જે રીતે શાળા-કોલેજ કે ખાનગી કચેરી કે સરકારી કચેરીના લોકો પાસે આઈડી કાર્ડ હોય છે તો તેવો જ અભ્યાસ કરે છે અને તે જ નોકરી કરે છે તે રીતે એક અભિનેતા કે અભિનેત્રીનું આ કાર્ડ હોય છે જે બતાવે છે કે તમે એક અભિનેતા-અભિનેત્રી છો જ્યારે કોઇ કલાકાર કે આર્ટીસ્ટ ભારત અથવા ભારતના કોઇપણ ભાગમાં શુટીંગ કરે છે ત્યારે તેની પાસે કલાકાર નું કાર્ડ હોવું જરૂરી છે અને આ આર્ટીસ્ટ કાર્ડ ભારત સરકાર દ્વારા પ્રમાણીત એસોસીએશન દ્વારા જારી કરવામાં આવે છે અને આર્ટીસ્ટ કાર્ડ જારી કરતા એસોસીએશન ભારત સરકાર અથવા રાજ્ય સરકારના લેબર યુનીયન એકટ ૧૯૨૬(ઇન્ડીયન ટ્રેડ એકટ ૧૯૨૬) હેઠળ સંચાલીત હોય (આર્ટીસ્ટ કાર્ડ આપતી સંસ્થા કે યુનીયન ભારત સરકાર અથવા રાજ્ય સરકાર ના લેબર યુનીયન એક્ટ ૧૯૨૬ દ્વારા પ્રમાણીત છે) તેઓને જ આ આર્ટીસ્ટ કાઢવાની ઓથોરીટી હોય છે. વાત કરીએ આર્ટીસ્ટ કાર્ડ બનાવવાના ફાયદા વિશેની તો આ કાર્ડ નો પેલો ફાયદો તમે એક કલાકાર છો તે જણાવે છે જેથી તમારે કોઇ રોકટોક કે તકલીફ નો સામનો કરવો પડતો નથી. અને બોલીવુડમાં, ફીલ્મસીટીમાં કે ટીવી સીરીયલો માં વગેરે જેવા પ્લેટફોર્મ પર કામ મેળવવામાં સરળતા રહે છે જેના અન્ય ફાયદામાં જ્યારે તમે શુટીંગ કરી રહ્યા હોવ ત્યારે તમે કોઇ અકસ્માતનો ભોગ બનો છો, તમે મૃત્યુ પામો કે અપંગ થાવ કે કોઇ લાંબાગાળાની મેડીકલ ઈમરજન્સીમાં સપડાવ તો આવી સ્થીતીમાં તમો યુનીયનનાં સભ્ય છો તે માટે યુનીયન પ્રોડ્યુસર પાસેથી કલાકારને મદદ મેળવવામાં સહાય કરે છે અથવા કલાકાર કે કલાકારના પરીવાર જનોની વીમા કંપની પાસેથી, પ્રોડ્યુસર અથવા જેતે કંપની પાસેથી પરીવારને વળતર મેળવવામાં મદદરૂપ થાય છે ઘણી વાર એવું બને કે સભ્ય બિમાર હોય અને સારવારના પૈસા પણ નથી હોતા એવા સમયે યુનીયન અન્ય સભ્યો પાસેથી બિમાર સભ્યની મદદ મેળવવા કાર્ય કરે છે યુનીયનના હોદ્દે દારો વધુમાં જણાવે છે કે આગામી દિવસોમાં ગુજરાતના કલાકરો અને ટેકનીશયનોને લાભ થાય તે માટે અલગ અલગ સેમીનાર વર્કશોપ ટ્રેઇનીંગ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે અને ટુંક સમયમાં જ દાદા સાહેબ ફાડકે ચીત્રપટ યુનીયનની ગુજરાત હેડ ઓફીસ રાજકોટમાં જ શરૂ કરવામાં આવશે.

# રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશિર્વાદથી 'અર્હમ યુવા સેવા ગ્રુપ'નાં સહયોગ થી કરુણા

### ફાઉન્ડેશન 'એનિમલ હેલ્પલાઇન, રાજકોટ' દ્વારા શરુ કરાયું વધુ એક નિઃશુલ્ક પશુ, પક્ષી સારવાર દવાખાનું




રાજકોટ,

રાજકોટમાં છેલ્લા ૧૮ વર્ષથી એનીમલ હેલ્પલાઇન કાર્યરત છે. રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાના મોટા પશુ-પંખીઓને વિનામુલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવી છે. છેલ્લા ૧૮ વર્ષથી કરૂણા ફાઉન્ડેશન દ્વારા મુંગા, બિનવારસી પશુ–પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઈલ પશુ ચિકિત્સાલય', 'એનિમલ હેલ્પલાઇન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે. અત્યાર સુધીમાં ૮ લાખ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ, વિનામૂલ્યે,નિષ્ણાંત ડોકટરોની ટીમ દ્વારા, ૧૦ (દસ) એમ્બ્યુલન્સ તેમજ બે બાઇક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે. દર માસે લગભગ ૯૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની નિષ્ણાંત પશુચિકીત્સકોની ટીમ દ્વારા, સ્થળ પર જ, વિના મૂલ્યે તેઓ સાજા થાય ત્યાં સુધીની સઘન–સારવાર કરવામાં આવે છે. બીમાર અને અશકત, અકસ્માતથી ઘવાયેલ પશુ–પક્ષીઓને ગૌશાળા/ પાંજરાપોળ/ સંસ્થાની જ નિઃશૂલ્ક વેટરનરી હોસ્પિટલમાં દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. 'જીવદયા રથ' દ્વારા દરરોજ પશુ, પક્ષીઓ તેમજ કીડી, ખિસકોલી જેવા પશુઓ સહિતનાં પશુઓની ભોજન વ્યવસ્થા કરવામાં આવે છે. રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશિર્વાદથી 'અર્હમ યુવા સેવા ગ્રુપ' ના સથવારે 'કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન – રાજકોટ'દ્વારા નિઃશુલ્ક પશુ, પક્ષી સારવાર દવાખાનું શરુ કરવામાં આવ્યું છે. આ દવાખાનું રાજકોટ શહેરનાં હાર્દ સમા વિસ્તાર તિરુપતિ નગર ૧, હનુમાન મઢી ચોક પાસે આવેલ છે. દવાખાનામાં તમામ પશુ પક્ષીઓની ઓપરેશન સહિત ની નિઃશુલ્ક સારવાર કરવામાં આવે છે. અત્યાર સુધીમાં આ દવાખાનામાં ૩૫૦ જેટલા પશુઓની સારવાર અને ૧૫ મેજર ઓપરેશન થયેલા છે. પશુ દવાખાનાનો સમય સવારે ૯ થી ૧ અને સાંજે ૪ થી ૮ છે. (રવિવાર સિવાય) આ અંગે વધુ માહિતી માટે તેમજ પશુ સારવારની જાણકારી લેવા, પશુ સારવાર કરાવવા માટે રાજકોટ મા મો. ૭૫૬૭૦૭૫૬૮૦ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા થેલેસેમીયા પીડીત બાળકો તેમજ તેમના પરીવાર માટે તા.૯, એપ્રિલ, રવીવાર સાંજે આનંદોત્સવ' અને ભોજન સમારોહ

### । સૌ થેલેસેમીક બાળકોને પરીવાર સાથે સમયસર ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ.

લોહીની વારસાગત, જીવલેણ બિમારી થેલેસેમીયાનો ભોગ બનેલા કુમળા ફુલ જેવા થેલેસેમીયા પીડીત બાળકો તેમજ તેમના સમગ્ર પરિવાર માટે પુનીત રાજેશભાઈ સેજપાલ, પારેખ પરીવાર, વૈધશ્રી સ્વ શીવલાલભાઈ ગોહેલ પરીવાર, રંજનબેન મનસુખભાઈ લાલ, લતાબેન મધુભાઈ પોપટ દ્વારા રવીવાર, તા. ૯, એપ્રીલ, સાંજે ૫–૦૦ કલાકે થી (સમયસર), મોઢવણિક બોર્ડિંગ, ૫–રજપુતપરા, રાજકોટ ખાતે આનંદોત્સવ તથા તમામ થેલેસેમીયા પીડીત બાળકો તથા તેમના પરીવારજનો માટે ભોજન સમારોહનું પણ આયોજન કરાયું છે.

તમામ બાળકોને સંગીતમય શૈલીમાં વિવિધ ગેમ્સ રમાડવામાં આવશે અને વિવિધ આકર્ષક ગીફટો પણ આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં સૌ થેલેસેમીક બાળકોને પરીવાર સહ સમયસર ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ અપાયું છે.

સમગ્ર આયોજન અંગે અનુપમ દોશી, મિતલ ખેતાણી, સુરેશભાઈ બાટવીયા, હિતેષભાઈ બાલાજી, ડો. રવિ ધાનાણી, લતાબેન પોપટ, ઉપેનભાઈ મોદી, હસુભાઈ રાચ્છ, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલીયા, પરસોતમભાઈ વેકરીયા, મનોજભાઈ ચૌહાણ, મિતુલભાઈ લાલ, હિરેનભાઈ લાલ, હિતેષભાઈ ગણાત્રા, લલીતભાઈ પુજારા, પ્રાગજીભાઈ કાકડીયા, શૈલેષભાઈ ચૌહાણ, જયરામભાઈ પટેલ, જીતુલભાઈ કોટેચા, ફાલ્ગુનીબેન હિંડોચા, મિત ખખ્ખર, વિનેશભાઈ હિંડોચા, રસીલાબેન ઔંધીયા, જયોતીબેન બાટવીયા, અનીલભાઈ કવા, પરીમલભાઈ જોષી, જયેન્દ્રભાઈ મહેતા, નૈષધભાઈ વોરા, ભાસ્કરભાઈ પારેખ, મહેશભાઈ જીવરાજાની, કિશોરસિંહ બારડ, દિગુભા બારડ, અરવિંદભાઈ પારેખ, દશરથભાઈ પારેખ, સંદીપભાઈ પાલા, ધર્મેશભાઈ સોની, કેતનભાઈ બોરીયા, દિનેશભાઈ ધામેચા, જે.જે. પોપટ, મયુરભાઈ મહેતા, ધર્મેશભાઈ સાકરીયા, પંકજભાઈ ગોહેલ, રાહુલભાઈ ગોહેલ, ધૈર્ય રાજદેવ, હંસાબેન રાજદેવ, હિતેષ સવાણી, મીતેષભાઈ ઓંધીયા, વિપુલભાઈ ભટ્ટ, કૃપાલીબેન ખખ્ખર, મહેશભાઈ વ્યાસ વિગેરેની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

વિશેષ માહિતી માટે વિવેકાનંદ યુથ કલબનાં અનુપમ દોશી મો. ૯૪૨૮૨ ૩૩૭૯૬, મિતલ ખેતાણી મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯, સુરેશભાઈ બાટવીયા મો.૯૪૨૮૨ ૫૬૨૬૨ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# રાજકારણમાં રાજકારણીઓ સત્તા મેળવવા શા માટે મરણિયા થાય છે.સમાજ સેવાના નામે શામ દામ દંડ ભેદ મની પાવર મસલ પાવરનો બેફામ વ્યાપક ઉપયોગ કરી સત્તા મેળવી લેવાય છે સત્તા મેળવવાનો મુળ હેતુ શુ છે?

સમાજમાં નામ કરવા સત્તા મેળવવામાં આવે છે ? પોતે બીજા કરતા કઈ અલગ છે ઊંચા છે એ બતાવવા સત્તા મેળવવામાં આવે છે? કે સાત પેઢી બેઠા બેઠા ખાઈ તો પણ ખુટે નહીં એ માટે સત્તા મેળવવામાં આવે છે? કે સમાજમાં વટ મારવા સત્તા મેળવવામાં આવે છે? કે પછી પોતાનો માન મરતબો વધારવા સત્તા મેળવવામાં આવે છે ? કે પછી નામ અને દામ કમાવવા સત્તા મેળવવામાં આવે છે?

અને છેલ્લે સમાજ સેવા કરવા ? આવું તો કોઈ રાજકારણી ભૂલેચુકે પણ વિચારતો નથી.

સત્તા મળે એ રાજ્યની દેશની પ્રજાને એવું લાગવુ જોઈએ કે રામરાજ્ય આવી ગયું છે પણ પ્રજાને ક્યારે પણ એવું લાગ્યું નથીં.અને લાગવાનું પણ નથી શાસકો મોટા મોટા ધાર્મિક સ્થળો બનાવ્યા કરશે પણ એનાથી પ્રજાની સુખાકારીમાં કોઈ ફરક પડવાનો નથી .રામરાજ્ય આવે તો પ્રજા ચોક્કસ સુખી થાય.




આજે પણ આપણા દેશમાં ૨૫ કરોડ ભારતીયોને એક જ સમયનું ભોજન નસીબ થાય છે બાળકોમાં કુપોષણની સમસ્યા વધતી જ જાય છે.સગર્ભા મહિલાઓને પૂરતો પૌષ્ટિક આહાર ૯ મહિના સુધી આપી શકાતો નથી.બાળકો શાળાએ જવાને બદલે બલમજૂર બની નાનું મોટું કામ કરી પરિવારને ટેકો કરે છે માતાપિતા મજબુરીથી બાળકોને શાળાની જગ્યા પર કામ પર મોકલવા પડે છે .કેટલા લાચાર હશે માતાપિતા? કેટલા મજબુર હશે માતા પિતા?

રામરાજ્ય એટલે શું? દરેક ૧૩૮ કરોડ ભારતીયો બે ટાઈમ પરિવાર સાથે પૌષ્ટિક ભોજન શાંતિથી જમી શકે શાંતિથી આરામથી નચિત થઈ જીવી શકે આરામથી સુઈ શકે નિરાંતની ઊંઘ માણી શકે બેફિકર થઈ ઘસઘસાટ ઊંઘ લઈ શકે એ રામરાજ્યની સાદી કલ્પના છે.દેશમાં ગમે તે જગ્યા પર ગમે તે ખૂણામાં ગમે તે વ્યક્તિ ગમે ત્યારે જઈ શકે હરીફરી શકે એ રામરાજ્ય છે.કાયદાનું શાસન હોય મા બેન દીકરી અર્ધી રાતે પણ એકલી ગમે ત્યાં બેધડક જઈ એ રામરાજ્ય છે

આપણને શાસન કરવાનો મોકો મળ્યો છે.ભલે આપણું અને આપણા પરિવારનું ભલું કરીએ પણ સાથોસાથ દેશના છેવાડા છેક છેલ્લા વંચિત માણસને પણ એમ અહેસાસ કરાવવો પડશે કે ભાઈ તું એકલો નથી.અમે બધા ભારતીયો ૧૩૮ કરોડ ભારતીયો તારી સાથે જ છે.આ લોકોનું જીવનધોરણ સુધારવા આ લોકોનું જીવનધોરણ ઊંચું લાવવાની ખાસ જરૂર છે.

આઝાદીનો ખરો મતલબ શુ?તમને ખબર છે? આઝાદીનો મતલબ જવાબદારી છે.આપણે જે વાતો ભુલી ગયા છે એને ફરી વ્યવહારમા લાવવાનો અવસર છે .માનવતા દયા કરુણા પ્રેમ સેવા સદભાવનાને ફરીથી જગાવવાની જરૂર છે .આપણે ભારતને વિશ્વગુરુ બનાવવાનું સપનું આપણને ક્યારનું જોઈ રહ્યા છે આ સમય આપણા એ સપનાને સાકાર કરવાનો છે.

લોકશાહીના પાયાના મુલ્યોની સ્થાપના અને અમલ ત્યાગ વગર શક્ય નથી આપણે વિવેક અને મર્યાદા જાળવાની જરૂર છે સંયમ ખુબ જરૂરી છે.કઠીન અને મુશ્કેલ સમયમાં સંયમથી કામ લેવું જરૂરી છે .ભગવાન રામે પોતાના જીવનમાં તમામ મર્યાદા કર્તવ્ય અને હદનું પાલન કર્યું હતું.આપણે બધાને ખબર છે કે રામને પુત્રના રૂપમાં ભાઈના રૂપમાં પતિના રૂપમાં પિતાના રૂપમાં રાજાના રૂપમાં મિત્રના રૂપમાં આપણા ભારતમાં જ નહી આખી દુનિયામાં આઈકોન માનવામાં આવે છે .

એક પળમાં બધું ત્યાગવું તમારું મારુ કામ નહી એ રામ જ કરી શકે.બીજા કોઈનું કામ નહી ગમે તેટલી હાલત ખરાબ હોય ગમે તેટલી પરિસ્થિતિ ખરાબ હોય મોઢા પરનું હાસ્ય વિલાવવુ ના જોઈએ એ માટે,તમને રામ જેવું બીજું ઉદાહરણ ક્યાંય જોવા નહી મળે

રામ પિતાના એક વચન ખાતર રાજગાદી છોડી ૧૪ વરસ વનવાસ ભોગવી પાછા અયોધ્યા આવ્યા એ રામના અયોધ્યા આગમન પ્રસંગને દિવાળી જેવો બનાવી દીધો હતો.

આપણે બધા ૧૩૮ કરોડ ભારતીયો ક્યારે સાચા અર્થમાં રામરાજ્યની ઊજવણી કરી શકીશું? અયોધ્યાવાસીઓ કરતા પણ વધારે ધામધૂમથી ક્યારે ખુશ થઈ શકીશું?

ક્યારે આપણે અહેસાસ થશે કે આપણે રામરાજ્યમાં આરામથી જીવી રહ્યા છે?

અબ્બાસભાઈ કૌકાવાલા
સુરત

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4